# વલોણું

આ અંકથી 'વલોણું' તેની આગવી ઓળખસમી પ્રતિકૃતિ સાથે પ્રકાશિત થઈ રહ્યું છે, ચોક્કસ જણાવશો નવું સ્વરૂપ આપને કેવું લાગ્યું.... **સં૦**

જાન્યુઆરી, ૨૦૦૮ | શૈક્ષણિક હેતુ અને ખાનગી વિતરણ માટે | વર્ષ - ૨ સળંગ અંક - ૧૪



# અનુક્રમ


૧. પ્રામાણિક્તાના 'શિક્ષકો'...
- અશ્વિન ચૌહાણ ............................. ૩
૨. થોડું, ગુજરાતની અસ્મિતા વિશે
- પ્રકાશ ન. શાહ............................... ૫
૩. બાળકો તો રંગબેરંગી પતંગિયાં
- ડૉ. ભદ્રાયુ વછરાજાની ..................... ૬
૪. મતદાન નહિ કરી શકનારનો અવાજ ક્યાં?
- શૈલેષભાઈ / સ્મિતાબહેન ....................૭
૫. મતાધિકાર ખરીદાય એ લોકશાહી?!
- ઇશ્વર પી. ઠાકોર ........................... ૮
૬. અમે ક્યાં ?
- કરણ દેસાઈ .................................. ૮
૭. માલધારીને તો બારે મહિના સંઘર્ષ
- જોગરાણા જીવન ........................... ૯
૮. ખારોપાટને મીઠી ધરતી બનાવે છે પશુઓ
- પાટડી ટીમ મારગ ........................ ૧૦
૯. કુપોષણના બે કોળિયા
આદિવાસી કન્યાઓની લે-વેચ
- કિરીટ કા. પરમાર ................. ૧૨-૧૩
૧૦. ધરતી મારી પાટી ને આંગળી મારી પેન...
- હેતલ દેસાઈ .............................. ૧૪
૧૧. સ્પેન ખાતે યોજાયેલા વિશ્વ માલધારી સમાજનું ડેક્લરેશન
- લાલજી દેસાઈ ........................... ૧૫
૧૨. STUDY- સ્ટડી એટલે...
- મહેન્દ્ર સોલંકી ............................ ૧૬


**(પ્રકાશિત લેખોમાં રજૂ થયેલા વિચારો લેખકના પોતાના છે)**

**'વલોણું'નું પ્રકાશન દર મહિને થાય છે.**
**લેખ અને સમાચાર આવકાર્ય છે.**
**અંક વિશે પ્રતિભાવો જણાવશો.**
**'વલોણું'નું વાર્ષિક લવાજમ રૂપિયા ૧૦૦ છે.**
**લવાજમ માટે 'મારગ'ના સંકલન-કાર્યાલયનો સંપર્ક કરવો.**
**લવાજમ મનીઑર્ડરથી પણ સ્વીકારાશે.**

# શિક્ષક જ વિદ્યાર્થીનું પાઠ્યપુસ્તક

"પાઠ્યપુસ્તકોની જે બૂમ વખતોવખત સાંભળવામાં આવે છે તેની મને કદી ગરજ લાગી નહોતી. જે પુસ્તકો હતાં તેમનો પણ બહુ ઉપયોગ કર્યાનું મને યાદ નથી. દરેક બાળકને ઘણાં પુસ્તકો અપાવવાની મેં જરૂર નહોતી જોઈ. વિદ્યાર્થીનું પાઠ્યપુસ્તક શિક્ષક જ હોય એમ મને લાગ્યું છે. શિક્ષકોએ પુસ્તકોમાંથી શીખવેલું એવું થોડું જ મને યાદ છે. જેઓએ પોતાને મુખેથી શીખવેલું તેનું સ્મરણ આજે પણ રહી ગયું છે. બાળકો આંખેથી ગ્રહણ કરે છે તેના કરતાં કાનેથી સાંભળેલું ઓછા પરિશ્રમથી ને ઘણું વધારે ગ્રહણ કરી શકે છે. બાળકોની પાસે હું એક પણ પુસ્તક પૂરું વંચાવી ગયો હોઉં એવું મને યાદ નથી.

પણ ઘણાં પુસ્તકોમાંનું મેં જે પચાવ્યું હતું તે તેમને મારી ભાષામાં કહી ગયો, તે તેમને આજે પણ યાદ હશે એમ હું માનું છું. વંચાયેલું યાદ રાખવામાં તેમને કલેશ થતો, મેં સંભળાવેલું તેઓ તે જ ક્ષણે મને ફરી સંભળાવીને જતા. વાંચવામાં તેમને કંટાળો આવતો. સાંભળવામાં, જ્યારે હું પોતે થાકને લીધે કે બીજા કારણસર મંદ અને નીરસ ન હોઉં ત્યારે, તેઓ રસ લેતા ને સાંભળતા. તેમને પ્રશ્નો ઊઠતા તેનો ઉકેલ કરવામાં મને તેમની ગ્રહણશક્તિનું માપ આવી જતું."

**- ગાંધીજી (૩૦ જાન્યુઆરી, નિર્વાણ દિન)**

['સત્યના પ્રયોગો અથવા આત્મકથા' લેખક : મો. ક. ગાંધી, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, મે, ૨૦૦૭, પૃષ્ઠ : ૩૧૩]


## પત્રવ્યવહારનું સરનામું

બી-૨, મિલિન્દ પાર્ક,
સેંટ ઝેવિયર્સ સ્કૂલ, લોયલા હૉલ સામે,
મેમનગર રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૫૨
ફોન : (૦૭૯) ૨૭૯૧૨૪૯૨

**રજિસ્ટર્ડ એડ્રેસ :**
બી-૧૦, સિદ્ધિદર્શન એપાર્ટમેન્ટ,
૧૦૦ ફુટ રોડ, આનંદનગર રોડ, સેટેલાઈટ,
અમદાવાદ.



**પરામર્શક** : નીતા પંડ્યા, લાલજી દેસાઇ
**તંત્રી** : સોનલ પંડ્યા, અશ્વિન ચૌહાણ
**સંપાદક** : કેતન રુપેરા

# પ્રામાણિક્તાના 'શિક્ષકો' : 'ભણેલો' વિદ્યાર્થી અને 'અભણ' ગ્રામનારી!

અશ્વિન ચૌહાણ

કેળવણીનો ક્રમ ઘડવામાં ગ્રામવાસીઓની હાજતોને પ્રધાનપદ આપવા અને ગામડાંમાં રાષ્ટ્રપોષક કેળવણીનો પ્રચાર કરવા જેવા ધ્યેયોથી શરૂ થયેલી, મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત અને પ્રસ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠે ૨૮ સપ્ટેમ્બર, ૨૦૦૭થી બીજી ઑક્ટોબર, ૨૦૦૭ સુધી ગ્રામજીવન યાત્રાનું આયોજન કર્યું હતું. એનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અને શિક્ષકોની ગ્રામસમાજ વિશેની સમજ કેળવવાનો હતો. આ પદયાત્રા અંતર્ગત અમે અમદાવાદ જિલ્લાના રાણપુર તાલુકાનાં ચાર ગામોની મુલાકાત લીધી, જેમાં રાજપરા, ઉમરાળા, અમલપુર અને ગઢિયાનો સમાવેશ તતો હતો. અમારી ટુકડીમાં પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયન વિભાગમાં પારંગત કક્ષાનો અભ્યાસ કરતાં સાત વિદ્યાર્થી ભાઈ-બહેનો હતાં. જેમાં વર્ષ-૨ના વિદ્યાર્થીઓ - જિજ્ઞેશ ચમાર (જૂના વાડજ, અમદાવાદ) અને દિલીપ વસાવા (કોકમ, ડેડિયાપાડા) તેમજ વર્ષ-૧નાં વિદ્યાર્થીઓ - આશિષ ગોયલ (પંચાસર, તા.સમી), જીગર ઠાકર (કડિયાદરા, તા. ઈડર), રુચિ અંતાણી (ભૂજ), શુભ સુતરિયા (ઊંઝા) અને હર્ષા ઠાકુર (કલોલ) હતાં.

અમે ૩૦ સપ્ટેમ્બર, ૨૦૦૭ની સવારે ઉમરાળા ગામથી નીકળીને ગોમા નદીના કાંઠે-કાંઠે ચાલતાં અમલપુર ગામે પહોંચ્યાં. સ્થાનિક ગ્રામજન નારણભાઈ પ્રજાપતિના ઘરે બપોરા (મધ્યાહ્નનું ભોજન) કરીને અમે અમલપુરમાં ગ્રામસંપર્કમાં માટે નીકળ્યાં. અમારી સાથે અમલપુર પ્રાથમિક શાળાના મદદનીશ શિક્ષક દશરથસિંહજી રાઠોડ ગામભોમિયા તરીકે જોડાયા હતા. મૂળે તો જગાપુર (તા. તલોદ, જિ. સાબરકાંઠા)ના વતની એવા દશરથસિંહની છાપ અમલપુર ગામમાં કર્મનિષ્ઠ અને શિસ્ત-આગ્રહી શિક્ષક તરીકેની હતી. ગામના વિવિધ લોકો સાથે ઓળખ અને સંવાદ કરાવતાં - કરાવતાં તેઓ અમને લાલાભાઈ ભરવાડના ઘરે લઈ ગયા. લાલાભાઈએ વીસ-વીસ વર્ષ મહારાષ્ટ્રનાં ગામડાં સુધી ઢોર-ઢાંખર સાથે સ્થળાંતર કર્યું હતું. છેલ્લા એકાદ દાયકાથી તેઓ હવે અમલપુરમાં પરિવાર સાથે સ્થાયી થયા છે.

લાલાભાઈએ મીઠો આવકારો આપ્યો અને મજબૂત ઢોલિયો ઢાળ્યો. અમે વિદ્યાર્થી ભાઈઓ-બહેનો સાથે, એના ઉપર બેઠાં અને અમારા મનમાં ઊભા થયેલા પ્રશ્નો પૂછવા લાગ્યા. ખેતી અને પશુપાલન વિશે પ્રશ્નોત્તરી થઈ રહી હતી. એટલામાં અમારા ટુકડીનાયક દિલીપ વસાવાની નજર ધૂળમાં પડેલી વીંટી પર પડી. એમણે એ વીંટી ઉપાડીને જોયું તો એ રંગ-રૂપે સોનાની હોવાનું માલૂમ પડ્યું. પત્રકારત્વના વિદ્યાર્થીને રોજેરોજ છાપામાં જોવા મળતા 'સોનાના ભાવવધારા'ના સમાચારનો પરિચય હોય જ છતાં ક્ષણનો પણ વિલંબ કર્યા વિના તેમણે એ વીંટી મને આપી. મેં ઘરના મોભી લાલાભાઈને એ વીંટી સોંપી દીધી. લાલાભાઈએ એવું કહીને એ વીંટી લીધી કે, 'મારા છોકરાની એક વીંટી ખોવાઈ છે એટલે કદાચ આ વીંટી એની હશે.' લાલાભાઈએ એમનાં પત્ની માલીબહેનને એ વીંટી મોકલી આપી.

સૂરજની પાળી પૂરી થઈ જાય એ પહેલાં, હું વિદ્યાર્થીઓને લઈને લાલાભાઈની સાથે એમના ઘરના ધાબાની પાળીએ પહોંચી ગયો. જેથી કરીને છાણિયા ખાતરથી સીંચાયેલા કપાસના લહેરાતા ખેતરને મન મૂકીને દૂર સુધી જોઈ શકાય. સજીવ ખેતી વિશેની જીવંત ચર્ચા કર્યા પછી, અમે બધાં ધાબેથી ઊતરી જ રહ્યાં હતાં ત્યાં લાલાભાઈનાં પત્ની માલીબહેન માલીપાથી બહાર આવ્યાં. તેમણે એક પળ પણ ખોટી કર્યા વગર લાલાભાઈને પરત કરતાં કહ્યું, 'આ વીંટી આપણા છોકરાની નથી!' લાલાભાઈએ જે હાથે વીંટી લીધી એ જ હાથે એ વીંટી મને પાછી આપી દીધી. વીંટી ફરી ફરીને ફરી એક વાર મારા હાથમાં આવી હતી. વીંટી એની એ હતી પણ એ ઘણાની કસોટી કરી ચૂકી હતી. હું તો વીંટીની આંટીઘૂંટીમાં બરાબરનો અટવાઈ ગયો હતો. એટલામાં જ અમારી સાથે આવેલા સહાયક શિક્ષક દશરથસિંહનું ધ્યાન મારી ખુલ્લી હથેળીમાં આરામ ફરમાવી રહેલી વીંટી પર ગયું અને એ સાથે જ એમણે એમના હાથની એક આંગળી તરફ જોયું. આ એ જ આંગળી હતી જેનો સાથ વીંટીએ છોડી દીધો હતો. આંગળી સાથેની પકડ મજબૂત રહે એ માટે વીંટીને લપેટેલો લાલ દોરો નીકળી જતાં વીંટી આંગળીએથી સરકીને આંગણાની ધૂળમાં જ પડી હતી. હેમની વીંટી હેમખેમ પરત મળતાં જ સહાયક શિક્ષક ખુશખુશાલ થઈ ગયા. અમને પણ વીંટી મૂળ સરનામે પહોંચી એનો આનંદ હતો.

> **'અણહકનું લેવાનો વિચારમાત્ર પણ હિંસા' એ ગાંધીવિચારની ફિલસૂફીને 'ભણેલો' વિદ્યાર્થી અને 'પારકું ધન એ ધૂળ બરાબર' એવું સ્વયંઆચારની શાળામાંથી શીખેલી 'અભણ' ગ્રામનારી પ્રામાણિક્તાના 'શિક્ષકો' બનીને અમને પાઠ ભણાવી ગયાં**

આ વીંટી અડધા તોલા ઉપરનું વજન ધરાવતી હતી. આ સહાયક શિક્ષક મહિને કેવળ અઢી હજાર રૂપિયા (અંકે રૂપિયા

૨૫૦૦ પૂરા)નું નિર્ધારિત મહેનતાણું મેળવતા હતા. તેઓ વતનથી આટલે દૂર આટલા ઓછા વેતનમાં, આ ગામમાં પત્ની-પુત્રી સાથે મકાન ભાડે રાખીને જીવનનિર્વાહ કરતા હતા. આખા બે મહિના જેટલો સમય પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ આગળ ગળું ફાડી-ફાડીને કક્કો-બારાખડી કે એકડા-આંક ઓકે ત્યારે તેઓ માંડ એ વીંટીની કિંમત જેટલા રૂપિયા રળી શકે. આ બાજુ દક્ષિણ-પૂર્વ ગુજરાતના અંતરિયાળ વન-વિસ્તારમાંથી અમદાવાદ શહેરની મધ્યે ભણવા માટે આવતા એક ગ્રામીણ વિદ્યાર્થીને આ વીંટીની કિંમત જેટલાં નાણાંમાં તો પારંગતના અભ્યાસની બંને વર્ષની ફી ભરાઈ જાય અને એ ગ્રામીણ નારી - જે સવારે છાણ ચૂંથે છે, બપોરે ઘાસચારો વાઢે છે અને રાત્રે ચૂલો ફૂંકે છે - એને લાલચ થઈ આવે એ માટે તો આટલી રકમની વીંટી પૂરતી હતી. પણ છતાં, અહીં કોણ કોને પ્રામાણિક્તા દેખાડી દે એનો બરાબરનો જંગ જામ્યો હતો. એ વીંટીનું વજન ગમે તેટલા તોલા હોય, આ વિદ્યાર્થી અને ગ્રામનારીની નૈતિક્તાની તોલે તો એ ન જ આવે. 'અણહકનું લેવાનો વિચારમાત્ર પણ હિંસા' એ ગાંધીવિચારની ફિલસૂફીને 'ભણેલો' વિદ્યાર્થી અને 'પારકું ધન એ ધૂળ બરાબર' એવું સ્વયંઆચારની શાળામાંથી શીખેલી 'અભણ' ગ્રામનારી પ્રામાણિક્તાના 'શિક્ષકો' બનીને અમને પાઠ ભણાવી ગયા.

રૂપિયાની ચાર અધેલી શોધતા એક ખાસ શહેરની જમાતના આમ સભ્ય તરીકે, મારા મનને આ પ્રામાણિક્તાપૂર્ણ પ્રસંગ મીઠો આઘાત આપી ગયો! તેજી તરફ આંધળી આખલા-દોટ મૂકી રહેલા શેરબજારનો સૂચકાંક વીસ હજારના બિન્દુની આસપાસ રહેતો હોય એવા આ જમાનામાં, પાંચ હજાર રૂપિયા માટે દેખાડેલી પ્રામાણિક્તાની કોઈને મન કિંમત ન હોય એવું પણ બને. પણ ખરેખર તો આપણો દેશ જોઈ ન શકાતા મોટા ભ્રષ્ટાચારથી તૂટી રહ્યો છે અને જોઈ શકાતા આવા નાનકડા શુદ્ધાચારથી જ ટકી રહ્યો છે. પ્રામાણિક્તા એ કોઈ વર્ણ-લિંગ-વર્ગનો ઇજારો નથી. પ્રામાણિક્તાના પાઠ શીખવવા માટેના ટૂંકા ગાળાના કોઈ પ્રમાણપત્ર અભ્યાસક્રમ ન હોય ! પ્રામાણિક્તા 'અભ્યાસક્રમ'ની બહાર જોવા મળતી, લાંબા ગાળા સુધી યાદ રહી જાય એવી, જવલ્લે જ જોવા મળતી પણ ધન્ય ઘટના છે.

---

**(પાન ૫નું અનુસંધાન)**

ખરું જોતાં, આ આદેશમાં પણ ઇતિહાસનું એક સાતત્ય હતું. રણજિતરામના વારાથી, મુનશી જેવાઓ થકી, ગુજરાતની અસ્મિતાનું એક સપનું રમતું થયું હતું. રણજિતરામના પુત્ર અશોક મહેતા, આપણા વિશ્વવિશ્રુત સમાજવાદી નેતા, અસ્મિતાની વાતને સમાજવાદના એમના દર્શન સાથે ભારતીય પરંપરામાં સરસ સચોટ સાંકળતા. એ કહેતા, નટરાજને તમે નીરખ્યા છે કદી? અંગે અંગમાં હા, એકોએક અંગમાં કેવી સ્ફૂર્તિ ને ચૈતન્ય હોય છે! અસ્મિતા કહેતાં સમતા અને સ્વતંત્રતાનું કંઈક આવું નટરાજદર્શન ચક્ષુ પ્રત્યક્ષ થાય છે.

આમ અંગ અંગ ચૈતન્યને ધોરણે વિચારીએ તો કયું ને કેવું ગુજરાત આપણી નજર સામે આવે છે? ભલે ને વિસ્તરતા તો પણ મહાનગરી ટાપુઓ એ જ કંઈ ગુજરાત નથી. કોઈ એક નાત કે કોઈ એક કોમ એ જ કંઈ ગુજરાત નથી. કુલ ઉત્પાદન-અને રોકાણ-જથ્થાને માથાદીઠ ફેરવીને જોઈએ ત્યારે શું સમજાય છે? અને એમાં પણ માનવવિકાસ આંકની કસોટીએ તો કદાચ અધઝાઝેરું ગુજરાત હજી તો માણસમાં આવશે ત્યારે આવશે.

લાગે છે, (સાંસ્કૃતિક) રાષ્ટ્રવાદ અને 'વિકાસ'ના ખયાલોને તળેઉપર તપાસીને નવયોજવાની તેમ કાયદાના શાસનને ચુસ્તદુરુસ્ત કરવાની અગ્રતા વિના ૨૦૧૦ની સાચી ઉજવણી શક્ય નથી બનવાની. ૨૦૦૯ની લોકસભાની ચૂંટણી અને એમાં પાછી 'ગુજરાત ફોર્મ્યુલા', બેઉની આરપાર જઈ જોવા જેવી વાત આ તો છે. જો તેમ બની શક્યું તો ગુજરાતને કોઈ વાતે ઓછું આવવા કારણ નથી.

(સૌજન્ય : દિવ્ય ભાસ્કર, ૩૧ ડીસેમ્બર ૨૦૦૭)

---

**(પાન ૭નું અનુસંધાન)**

આજના રાજકારણીઓ ચૂંટણી સમયે યાદ નથી રાખતાં તે પછી પાંચ વર્ષ સુધી શેના યાદ રાખવાના?! ઉભા રહેલા ઉમેદવાર પણ તે વિસ્તારનાં બધા લોકોને ક્યાં ઓળખે છે. તે તો ઓળખે છે માત્ર વિસ્તારનાં દસ ૧૦ આગેવાનો ને કે જેમનું દરેક સમાજમાં પ્રભૂત્વ હોય. એટલે ઉમેદવારોએ તે ૧૦ ને જ સાચવવાનાં રહે અને તે ૧૦ સમાજનું ભલું કરવું હોય તો કરે પણ પોતાનું ભલું ચોક્કસ કરે. જો આવી રીતે જ મતદાન થતું હોય તો ગામડાઓનું મતદાન ક્યારેય ૧૦૦ ટકા નહીં થાય. લોકશાહીમાં મતદાન એ માણસનો મુખ્ય અધિકાર છે. પરંતુ ક્યાંક 'સિસ્ટમ'ના કારણે તો ક્યાંક મજબૂરીના કારણે લોકો કોઈ પણ દબાણ વિના મુક્તપણે મતદાન નહીં કરી શકે. આ રીતને સાચી લોકશાહી ના ગણી શકાય.

વિસ્તારમાં રહી ગયેલાં ૪૨ ટકા લોકો વિસ્તારનાં સાચાં નેતા પારખી શકે, પરંતુ તેવું થવા દેવામાં આવતું નથી અને જેને મતદાન ન કર્યું હોય તેમને પૂછવામાં પણ આવતું નથી કે તેમનાં પ્રશ્નને સાંભળવામાં પણ આવતો નથી. સાંભળવામાં આવે છે તો માત્ર ચૂંટણી સમયે આપેલા પૈસાવાળાઓનું કે જે જ્ઞાતિઓમાં ભાગલા પાડવા, વેર-ઝેર ઉભું કરવું, દારૂ જેવી ખોટી આદતો પાડવા માટે રૂપિયા ખર્ચે છે. "શું આને સાચું મતદાન કહી શકાય ખરું?" શું આ છે લોકશાહી?"

# થોડું, ગુજરાતની અસ્મિતા વિશે

પ્રકાશ ન. શાહ

૨૦૦૮ના આ ઉંબર કલાકોમાં, એક ગુજરાતી તરીકે, કહો કે ગુર્જર ભારતવાસી તરીકે કેવોક મિજાજ હોઈ શકે આપણો આજના માહોલમાં : એક મનોવૈજ્ઞાનિક સત્યની રીતે જો કે તે વાસ્તવિક હોવું બધો વખત જરૂરી નથી - કહી તો શકાય કે પાછલાં વરસોમાં સતત આપણે એક તરેહની 'હર્ટ ફીલિંગ'ના હેવાયા રહ્યા છીએ. કદાચ, ચૂંટણી પરિણામ સાથે આ ઘવાયેલ દુભાયેલ લાગણીનો મોક્ષ થયો છે એવુંયે કહી શકાય, કેમ કે નમો ભાજપના વિજય સાથે આપણે 'ગુજરાતશત્રુઓ'ને બરોબરનો પાઠ શીખવી દીધો છે. અરુણ જેટલીએ કહ્યું જ છે કે અમે (ભાજપે) આ ચૂંટણીને મોદી પરત્વે રેફરંડમમાં ફેરવી નાખી હતી, અને મોદીનું ગુજરાત સાથેનું 'આઇડેન્ટિફિકેશન' એવું થઈ ગયું છે કે અમને ફળ્યું.

પહેલાં જ કહ્યું કે એક મોટા પ્રજાવર્ગની આ મનોવૈજ્ઞાનિક લાગણી છે. પણ સર્વોચ્ચ અદાલત, ચૂંટણી પંચ, માનવઅધિકાર પંચ આ બધાનાં કોઈ નિરીક્ષણો અને ટીકા હોય તો તે ગુજરાતના રાજકીય અગ્રવર્ગના ચોક્કસ હિસ્સાને માટે હતાં, ભાજપ-વિહિપ-બજરંગ વર્તુળોને માટે હતાં, તંત્રના કોઈક હિસ્સાને માટે હતાં. એ ટીકા ગુજરાત સમસ્તને માટે નહોતી જ નહોતી, એ નાનકડા હિસ્સા માટે હતી. પણ એને તો આપણા સ્પિન ડૉક્ટરોની કરપીણ કમાલ જ કહેવી પડશે કે એમણે બધી જ વૈદ્યાનિક સંસ્થાઓને  ગુજરાતશત્રુ તરીકે ચીતરી, અને એમાં નમો નેતૃત્વ એક તારણહાર તરીકે ઊપસી રહ્યું.

આ સંજોગોમાં કોઈ લગારે તાર્કિક ધોરણે વાત તો કરે જ શાનું. વારે વારે ૧૯૮૪નો શીખ હત્યાકાંડ ઉછાળવવામાં આવ્યો. ક્યાં ગયું હતું માનવઅધિકાર પંચ, બધાને ગુજરાત જ જડતું આવે છે, એમ પણ કહેવાયું. બે-ત્રણ વાત સીધીસાદી છતાં ભુલાઈ ગઈ. જો શીખ હત્યાકાંડ ખોટો હતો તો ગુજરાતમાં પણ ખોટું જ થયું'તું કે બીજું કૈં? બીજું રાષ્ટ્રીય માનવઅધિકાર પંચ ૧૯૯૨ પછી અસ્તિત્વમાં આવ્યું છે. ત્રીજું, પૂર્વે રમખાણો થતા જ હતાં પણ ૨૦૦૨માં સરકારના મેળાપીપણા સાથે થયાં અને તે સર્વપ્રથમ ટેલિવાઇઝ્ડ સંહારસત્ર હતું. આ પહેલાં, આ રીતે અને આ હદે, આપણને આપણો 'સાક્ષાત્કાર' થયો નહોતો.

ગમે તેમ પણ, ૨૦૦૮માં પ્રવેશતી વેળાએ કોઈ ઇતિહાસબોધની રીતે આટલું સંભારી કાલ્પનિક ગુજરાતશત્રુઓ (અને એવા જ તારણહાર)થી હટીને થોડું વાસ્તવિક ગુજરાત વિશે વિચારી શકીએ તો ઠીક, કમુરતાં ઊતર્યાં ન ઊતર્યાં અને પ્રધાનમંડળની રચના થઈ ન થઈ ત્યાં તો તાજેતરનાં વરસોની તરાહ અને તાસીર રહી છે તેમ કશીક ને કશીક ઉજવણીનું આયોજન ધૂણવા માંડશે. કૈં નહીં તો પણ ૨૦૧૦નું વરસ તો નજર સામે છે જ. ગુજરાતની રચનાને ત્યારે પચાસ વરસ પૂરાં થશે એ નિમિત્ત પણ સૌજ્જું છે એની ના નહીં.

કોંગ્રેસે એક તબક્કે દ્વિભાષીનો ઠરાવ કર્યો અને શરૂના ગાળામાં જનસંઘે પણ મહાગુજરાતની માગણીથી અંતર રાખ્યું, એ વળી જુદી જ ઇતિહાસવસ્તુ છે. બલકે, આજે જેને સંઘ પરિવાર કહેવાય છે તેનો ત્યારનો સમુદાય તો એકતંત્રી (યુનિટરી) શાસનનો હિમાયતી હતો અને ગુજરાત વગેરે ઘટક રાજ્યો જેવો કોઈ સમવાયતંત્રી (ફેડરલ) ખ્યાલ જ એને બહાલ નહોતો. આજે વાતે વાતે ગુજરાતને ઓછું આવે છે ત્યારે આ સ્મરણ જરી વિલક્ષણ લાગે છે, નહીં?

**ગુજરાતની સુવર્ણ જયંતી સાચોસાચ ઊજવવી હોય તો રાષ્ટ્રવાદ અને વિકાસના ખયાલોને સમતા - સ્વતંત્રતા - ન્યાયની કસોટીએ તળે ઉપર તપાસ્યા વિના આપણું ઠેકાણું પડવાનું નથી.**

પચાસ વરસની સૂચિત ઉજવણી વેળાએ એ સંભારી આપવું ઠીક રહેશે કે મહાગુજરાત માટેની ઝુંબેશ અને ભાષાવાર રાજ્યરચનાનો નિર્ણય, એમાં સ્વરાજની લડતનું સાતત્ય અને સંધાન હતું. એ કોઈ નાતજાતની ઘડભાંજ કે કોમી ધ્રુવીકરણની પેરવી નહોતી આપણી ભાષામાં આપણું રાજ, એવો સાદો હિસાબ એમાં હતો.

ઇન્દુલાલ યાજ્ઞિકના નેતૃત્વમાં ચાલેલા આંદોલન બાદ ૧૯૬૦માં ગુજરાત રાજ્યનું મંગળાચરણ આશ્રયભૂમિ પરથી રવિશંકર મહારાજે કર્યું હતું. વિનોબા અને જયપ્રકાશ સમક્ષ ચંબલના બાગીઓના આત્મસમર્પણના દસકાઓ પૂર્વે મહીકાંઠામાં રોજ પોલીસ-હાજરીથી બંધાયેલ કથિત 'ગુનાઇત' કોમને માણસમાં ને નાગરિકમાં સ્થાપવાનું શ્રેય મહારાજને નામે જમે બોલે છે. ગાંધીએ ક્યારેક એમની સાથે ખોળિયું બદલવા ચહેલું! તો, ગુજરાતનું જણે જણ  'માણસ'માં સ્થપાય અને 'નાગરિક' તરીકે કોળે એવો એક પરિભાષિત પણ આદેશ લઈને ૧૯૬૦ની પહેલી મેની ઉષા ઊગી હતી.

**(અનુસંધાન પાન ૪ ૫૨)**

# બાળકો તો રંગબેરંગી પતંગિયાં

ડૉ. ભદ્રાયુ વછરાજાની

અવિચારી શાસનના વિચિત્ર અખતરાઓ માટે ખ્યાત બાદશાહ મુહમ્મદ બિન તુઘલખના શાસન પર પ્રખર નાટ્યકર્મી ગિરીશ કર્નાડે સુંદર નાટ્ય લખેલું. તેનાં એક દૃશ્યમાં એક સૈનિક તુઘલખને આવીને કહે છે : 'એક ખુશખબર છે.' તરત જ તુઘલખ નિસાસો નાખી કહે છે: 'ખુશખબર! વાહ, આ શબ્દ સાંભળ્યાને વર્ષો વીતી ગયાં!!'.... ભારતીય સિનેમાના શાસનમાં પણ આ 'ખુશખબર' શબ્દ ઘણા સમય પછી ઉચ્ચારી શકાય તેવી ઘટના બની છે. નર્મદા મુદ્દે આમીરખાનને ગુજરાવટો આપવાની મોહિમ ચાલેલી. આમિરની તે સમયે રિલીઝ થયેલી ફિલ્મ 'ફના'એ વ્યાપક વિરોધના કારણે ફના થવું પડેલું. આ જ આમિરખાન પર આપણે નિર્વિવાદપણે ફિદા થવું પડે તેવા 'ખુશખબર' એ જ ફિલ્મના માધ્યમથી ૨૦૦૭ની વિદાયની ભેટરૂપે આપણને સાંપડ્યા છે. વર્ષો પછી એક એવી ફિલ્મ જોવા મળી કે જોતાં જોતાં ખુલ્લા મને રડી પડાયું! જ્યારે બુદ્ધિની સીમા પૂરી થાય અને હૃદયનાં દ્વારા સહજપણે ખૂલી જાય ત્યારે સાચા આંસુ વહેતા હોય છે! આબાલવૃદ્ધ સૌ માટે સંવેદનની ચરમસીમા તાદૃશ્ય કરનાર આમિરખાન દિગ્દર્શિત અને અભિનિત ફિલ્મ 'તારે ઝમીં પર' એક વાર ન જુએ તેને તેમણે શીખેલી કક્કા બારાક્ષરીના સોગંદ!

**શિક્ષણની બધી ફિલસૂફી, બધી વ્યાખ્યાઓ, બધી પદ્ધતિઓ અને ભૂમિકાઓ જ્યારે ખરી જાય છે ત્યારે શીખવાની શરૂઆત થાય છે અને તારાઓ જમીન પર ઊતરી પડે છે.**

દેશભરમાં મસમોટા મૉલ કલ્ચરમાં જબરું પ્રદાન કરનાર 'ફ્યુચર ગ્રૂપ' એક ખૂબ જ હૃદયસ્પર્શી જાહેરખબર ટીવીના પડદે રજૂ કરી અપ્રત્યક્ષ શિક્ષણસેવા કરે છે. વર્ગખંડમાં કંટાળો અનુભવતાં બાળકોની વચ્ચે એક હસમુખી ટીચરનો પ્રવેશ થાય છે. ચપળ અને મૌલિક ટીચર માહોલ પારખી જાય છે. સીધેસીધું પુસ્તકિયું ભણતર બાળકોની માથે મારવાને બદલે તે નાચતાં નાચતાં ગીત ગાવા લાગે છે. બાળકો તો રંગબેરંગી પતંગિયાં! તરત અભિનય સાથે ટીચરના ગાનમાં ને નાચમાં જોડાઈ જાય છે. પેલાં ટીચર માત્ર નાચવાનું જાણે તેવાં નથી. તે બાળકોને પોતાનાં ભવિષ્યરૂપી સોનાની ચકલી ગીતમાં દેખાડે છે અને તેના પર બાળકોને સવારી કરાવે છે... આટલા ગમતીલા માહોલમાં પણ એક ટચૂકડી દીકરી બેન્ચ પર માથું ઢાળી ગુમસુમ બેઠી જ રહે છે. સંવેદનશીલ ટીચરની નજર તે એકમાત્ર અલિપ્ત બાળક તરફ ગયા વગર રહેતી નથી. ટીચર કૂદતાં-નાચતાં તે બાળકીની સાવ નજદીક, તેના આત્મીય વિસ્તારમાં પ્રવેશે છે. તરત જ પેલી બાળકી પૂછી બેસે છે: 'હું સોનાની ચકલી પર ક્યાં બેસીશ?' પળના પણ વિલંબ વગર ટીચર બોલી ઊઠે છે: 'તું તો સોનેકી ચીડિયાં કે સિર પે ચડ કે બૈઠેગી!' બાળકને આનાથી વધુ જોઈએ પણ શું? રાજી રાજીના રેડ થઈને પેલી નિરાશ હતી તે બાળકી બેન્ચ પર ચડી ઊછળવા લાગે છે અને... 'ફ્યુચર ગ્રૂપ'ની ટીવી એડ્ આપણને 'આમ જ હોવું જોઈએ'નો અહેસાસ કરાવી પૂર્ણ થાય છે.

લર્નિંગ ડિસએબિલિટી (ડિસ્લેક્સિયા) ધરાવતા વર્ગના 'એક માત્ર' વિદ્યાર્થીને કેન્દ્રમાં રાખી બનેલી 'તારે ઝમીં પર' પેલી ટીવી એડ્‌ની બે મિનિટની સંવેદનાનો ચેતોવિસ્તાર છે. શિક્ષકને આવા એકાદ બાળક પર એકાગ્ર થવું પાલવે, ખરું? શાળાએ આવાં બાળકને સામાન્ય અને બુદ્ધિશાળી બાળકો સાથે જ રાખી ભણાવવાં જોઈએ એવા કાયદાનું પાલન કરવું જરૂરી છે ખરું? જે 'માત્ર' ભણવામાં દેખીતું નબળું છે તે સંતાનને ઘરના માહોલમાં જ રાખી ઉછેરવું મા-બાપ માટે આવશ્યક છે ખરું? અને ભણેલા હોવું એટલે શું માત્ર લખવા-વાંચવામાં ચબરાક હોવું? આવા અનેક વિવાદી પ્રશ્નોના એક સામટા હૃદય સોંસરવા ઊતરે તેવા જવાબ આપી દેનાર 'તારે ઝમીં પર'ને આપણે ગુજરાતીઓએ ફૂલડે વધાવવા જેવી છે. કરમુક્તિ આપવાની જોગવાઈઓને ચાતરીને પણ કરમુક્ત કરાશે તો ભણતરની સેવા કરી ગણાશે. ગુજરાતની નવી સરકારના શિક્ષણપ્રધાને શપથગ્રહણ પછી પહેલું આ કાર્ય કરવા જેવું છે.

આજે શિક્ષણ સામે જે ફરિયાદો છે, શિક્ષણપદ્ધતિ સામે જે વ્યાપક રોષ છે તેના મૂળમાં એક જ વાત છે કે બાળકને પોતીકું ગણીને સાચવી લેવાની કોઈની નિસબત રહી નથી. મા-બાપ પાસે સમય નથી, તો શિક્ષક પાસે હૃદયપૂર્વકની સમજ નથી. બધાને એક જ લાકડીએ હાંકવાની ભૂલ અંતે તો બાળકનો જ ભોગ લે છે. ફિલ્મમાં શિક્ષણ હોય એવી આશા પણ ન રાખી શકાય, તેવા માહોલમાં શિક્ષણની પાયાની સમસ્યાનો ઉકેલ આપતી ફિલ્મ હોય તે જ વિચારણીય ઘટના છે. 'તારે ઝમીં પર'ની મૂળ સંકલ્પના સંવેદનાની છે, પોતીકાપણાની છે. વર્ગમાં સામે બેઠેલું બાળક જે અનુભવે છે તે જ જ્યારે શિક્ષક અનુભવે ત્યારે અધ્યયનની શરૂઆત થાય છે. હવે ભણાવવાનું નથી. હવેના બાળકને ભણાવી શકાય પણ નહીં. મહર્ષિ અરવિંદ વર્ષો પહેલાં કહી ગયા કે, 'હું ભણાવું છું તેવા ભ્રમમાં રહેવાની ભૂલ ન કરવી.' બાળક જાતે શીખે તેવી પરિસ્થિતિનું નિર્માણ શિક્ષકકર્મ છે. મા-બાપે સ્વીકારવું

**(અનુસંધાન પાન ૭ પર)**

# મતદાન નહિ કરી શકનારનો અવાજ ક્યાં?

સુરેન્દ્રનગર જિલ્લાના ૬ મતવિસ્તારોમાંથી દસાડા વિસ્તાર ભૌગોલિક રીતે ખારાશવાળી જમીન અને ભૌતિક સુવિધાઓની અગવડોયુક્ત એવો મતવિસ્તાર છે. અહીંયા મુખ્યત્વે કદમ સમુદાય (કોળી, અગરિયા, દલિત, માલધારી, માયનોરીટી અને મહિલા)ના લોકો વસે છે.

શૈલેષભાઈ / સ્મિતાબેન

આ વખતની વિધાનસભાની ચુંટણીમાં મતદાનની ટકાવારી ૫૮ ટકા જેટલી થઈ છે, એટલે કે ૪૨ ટકા લોકો મતદાનથી વંચિત રહી ગયા છે. આનો અર્થ એવો કે “જેણે મતનું દાન કર્યું હોય તેની જ વાત” ઉપર સુધી સંભળાય. તો બાકીનાં ૪૨ ટકા વંચિત લોકોની વાતનું શું?

આ વિસ્તારમાં વરસાદની અછત અને ખારાશવાળી જમીનનાં કારણે પાક ઉત્પાદન અને પશુપાલન નબળું છે. જેનાં કારણે માલધારીઓએ પશુઓ, કુટુંબ-બાળગોપાળ સાથે સ્થળાંતર કરવું પડે છે. તો બીજી બાજુ ‘કદમ’ સમુદાયની બીજી જ્ઞાતિઓ રોજગારી માટે દૂર દૂર સુધી સ્થળાંતર કરે છે. તેઓ મતદાન કરી શક્યા નથી, તે આ ૪૨ ટકાના એક ભાગરૂપે છે.

અહીં પણ બે મુખ્ય પક્ષ ભાજપ અને કોંગ્રેસ છે. હવે આ વખતની ચૂંટણીમાં ૫૮ ટકા મતદાન થયું એટલે કે કોંગ્રેસના ફાળે ૨૯ ટકા અને ભાજપને ૨૯ ટકા ફાળે વહેંચીએ અને તેમાં જે પક્ષ વધુ ટકાવારી લઈ જાય તે પક્ષ વિજય ઘોષિત થાય, પરંતુ બંને કરતાં વધારે ટકાવારી જે રહી ગઈ છે તે ૪૨ ટકા છે, તેમના મતદાનનું શું ?

ચુંટણીપંચ પારદર્શક અને સફળ મતદાન થાય તે માટે પ્રયત્ન કરે છે. દરેક મતદાર મતદાન કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવે છે. આથી મતદાન ૯૦ થી ૧૦૦ ટકા જેટલું જોઈએ, પરંતુ એવું બનતું નથી. સ્થળાંતર કરીને ગયેલા માલધારીઓ અને મજૂરો જે વિસ્તારમાં રહે છે ત્યાં તેમનું મતદાર યાદીમાં નામ હોતું નથી. ૨૦૦ રૂ. ભાડું અને ૫૦ રૂ.ની દાડી (મજૂરી) મૂકીને પોતાનાં વતનમાં મતદાન કરવા પણ આવી શક્તા નથી. તો બીજી બાજુ ગામમાં રહેતા મતદારો માટે ઓળખકાર્ડ મેળવવાનો પણ એક દિવસ ફાળવવામાં આવે અને તેનો સમય પણ સવારના ૧૦.૦૦ થી બપોરના ૨.૦૦ એમ મર્યાદિત હોય. તે સમયે મજૂરીએ ગયેલા કે પછી અન્ય કારણોસર પહોંચી ન શકનારનું ચૂંટણીકાર્ડ કેવી રીતે બને? આ રીતે રહી ગયેલા લોકોના મતદાનનું શું ? વળી ચૂંટણીકાર્ડની અવેજીરૂપે નક્કી કરેલાં ૧૪ પુરાવાઓ એવા છે, જે ગામડાનાં લોકો પાસે ભાગ્યે જ હોય.

> **સ્થળાંતર કરીને ગયેલા માલધારીઓ અને મજૂરો જે વિસ્તારમાં રહે છે, ત્યાં મતદાર યાદીમાં તેમનું નામ હોતું નથી. બીજી બાજુ ચૂંટણીકાર્ડની અવેજીરૂપે નક્કી કરેલા ૧૪ પુરાવાઓ એવા છે, જે ગામડાંના લોકો પાસે ભાગ્યે જ હોય.**

ગામનાં રાજકારણમાં મતદાનનું રાજકારણ બંને પક્ષોમાં જોવા મળે છે. પક્ષનાં રાખેલ ૧૦ દિવસનાં ભાડુતી એજન્ટો મતદારોને મળે છે પણ જે સ્થળાંતરીત હોય છે, તેનો વિચાર બંને પક્ષમાંથી કોઈ પણ કરતું નથી. તે તો માને છે કે તે મત અમને પણ નથી મળવાનો કે વિરોધ પક્ષને પણ નથી મળવાનો. એટલે તેવા મતોનો વિચાર કરવાની શી જરૂર!

**(અનુસંધાન પાન ૪ પર)**

---

**(પાન ૬નું અનુસંધાન)**

પડશે કે પ્રેમ એ લાગણી માત્ર નથી, પ્રેમ પસંદગીપૂર્વક કરેલ કર્મ છે. મા-બાપ તરીકે આપણે પ્રેમની લાગણી ધરાવતા હોવા છતાં અપ્રેમાળ છીએ... ફિલ્મમાં ખેપાની બાળકને તેનાથી કંટાળી-થાકી હારી હોસ્ટેલમાં મૂકવાનો કપરો નિર્ણય લેનાર માતા-પિતા અને ખુદ બાળકના મનોભાવો એવી ચોટદાર રીતે વ્યક્ત થયા છે કે આપણાથી રડી પડાય છે! એ જ દૃશ્ય વખતે આપણી જ લાગણીને પડઘાવતું ગીત ધીમી ગતિએ વાગે છે અને આપણો અપરાધભાવ વહેતો મુકાય જાય છે.

શેરી બાળકની જેમ જ ઉછરેલા અને પછીથી મહાન ચિંતક થયેલ ખલિલ જિબ્રાનને અરબી વાંચતા આવડતું પણ લખતા નહીં! તેના ગુરુ ફાધર યુસુફ હદાદના ટેબલ પર ભણવાના પહેલા જ દિવસે ચિઠ્ઠી લખી મુકાવી: ‘ત્રણ મહિના મને કશું ન પૂછતા, પછી ઇચ્છા થાય તે બધું જ પૂછજો.’ હદાદે કહ્યું: ‘શીખવું તે સીડી ચડવા જેવું છે, સીડી એક પછી એક પગથિયાં ચડીને જ પૂરી કરી શકાય.’ જિબ્રાને એક રહસ્યવાદી જવાબ આપેલો: ‘પક્ષીઓને ઊડવા માટે સીડી (નિસરણી)ની જરૂર પડતી નથી.’ પ્રત્યેક બાળક મૌલિક પક્ષી છે. પ્રત્યેકને પોતીકી પાંખો છે. આપણે પ્રત્યેક બાળકને પોતીકું આકાશ પૂરું પાડવાનું છે. શિક્ષણની બધી ફિલસૂફી, બધી વ્યાખ્યાઓ, બધી પદ્ધતિઓ અને ભૂમિકાઓ જ્યારે ખરી જાય છે ત્યારે શીખવાની શરૂઆત થાય છે અને તારાઓ જમીન પર ઊતરી પડે છે.

(સૌજન્ય : દિવ્ય ભાસ્કર, ૫ જાન્યુઆરી ૨૦૦૮)

# મતાધિકાર ખરીદાય એ લોકશાહી?!

ઇશ્વર પી. ઠાકોર

લોકોની, લોકો માટે અને લોકોથી ચાલતી લોકશાહીમાં લોકોને મતાધિકાર આપવામાં આવ્યો છે, તે ફક્ત કહેવા પૂરતો જ સીમિત હોય તેવું લાગી રહ્યું છે.

એ વાત અલગ છે કે ભારત દેશ સ્વતંત્ર બન્યો અને સંવિધાનમાં પુખ્ત વયના ૧૮ વર્ષથી ઉપરના લોકોને ઊંચ-નીચ, ગરીબ-તવંગર, જ્ઞાતિ-જાતિ-ધર્મના બંધનથી મુક્ત સમાન ધોરણે મત આપવાનો અધિકાર આપવામાં આવ્યો છે. જો આવો મતાધિકાર ન આપવામાં આવ્યો હોય અને ફક્ત કહેવાતા ઉચ્ચ વર્ગ પૂરતો જ રહ્યો હોત તો દેશની ઘણી જનતા ક્યાંય ખોવાઈ ગઈ હોત!

હવેની ચૂંટણીઓમાં જે-તે પક્ષના હાઇ કમાન્ડ એ નથી જોતાં કે કયો માણસ વધારે સારો છે. વધુ લોકપ્રિય છે, લોકોના પ્રશ્નો ઉકેલ લાવી શકે તેમ છે, કોણ ગાંધી ચીંધ્યા માર્ગે વધુ ચાલે છે, પરંતુ તેની પાસે કેટલા રૂપિયા છે, કેટલી દાદાગીરી કરી શકે છે, કેટલા પોલીસ કેસ થયા છે, તેને વધારેમાં વધારે પ્રમોટ કરીને ઉમેદવાર તરીકે પસંદ કરાય છે. જેથી આવા ખોટા નેતાઓ પોતાની તાકાતથી ચૂંટણીઓમાં ઝંપલાવે છે, પરિણામે પોતાના વિસ્તારમાં દારૂ, રોકડા... જેની જરૂર હોય તે છૂટથી વહેંચીને ચૂંટણીપંચના નિયમોને છેવાડે મુકીને નીતિ-અનીતિથી જીતે છે.

પરિણામે ચૂંટણી વખતે વેરેલા પૈસા સત્તાપક્ષમાં આવતાની સાથે ભેગા કરવાનું શરૂ કરી દે છે અને દસ પેઢી સુધી ખૂટે નહિ તેટલું ભેગું કરી નાખે છે. પોતે ધરાયા પછી બીજાનો વિચાર આવે છે. એ વિચાર પણ એટલો મોડો આવે છે કે પછી તેમને લોકો માટે કશું કરવાનું રહેતું નથી. જનતા જનાર્દન મોટે ભાગે એવું ઇચ્છતી હોય છે કે પોતાના ગામમાં પાયાની જરૂરિયાત સંતોષાય. તે હેતુથી કિંમતી અને પવિત્ર મત કહેવા પૂરતો પવિત્ર છે બાકી તો પોતાનો અને કુટુંબનો મતાધિકાર ૧૦૦, ૨૦૦ રૂ. માં વેચીને અથવા તો કોઈના ત્યાં ગીરવે મુકીને આવે છે.

ગુજરાતમાં ૨૦ ટકા વસ્તી સવર્ણોની છે. તેની સામે ૮૦ ટકા વસ્તી કદમ સમુદાયની છે. જે-તે પક્ષે વધારેમાં વધારે ઉમેદવારોની ટિકિટની ફાળવણી કરવી જોઈતી હતી, પરંતુ તેમાં પણ એક પ્રકારની સત્તા અને લાલશા હોવાના કારણે ૨૦ ટકા લોકો ૮૦ ટકા લોકો પર હાવી થઈ ગયા.

લોકો પોતાના મત એ હેતુથી આપે છે કે ગામમાં પાયાની સગવડ ન હોય, કાચા રોડ હોય, સારી શિક્ષણની સુવિધા ન હોય તો ત્યાં તે સુવિધા થઈ શકે, સારું સ્ટ્રક્ચર વિકસે, તેમજ ગામમાં જ પૂરતી રોજગારી મળતી રહે. માલધારી, ખેડૂતોના ખેતીમાંથી પકવેલ માલનો પોષણક્ષમ ભાવ મળે. ખેડૂતો માટે સારી ઉપયોગી નીતિ ઘડાય, લોકોનું જીવન ધોરણ ઊંચું આવે તેવા પ્રયત્નો થાય તે હેતુથી મતદાન કરતા હોય છે.

ચૂંટણી ટાણે જાહેર સભાઓમાં રાજકીય પક્ષો - પોતાનો રોટલો પકવવા માટે નીતનવા નૂસ્ખા અજમાવીને ગ્રામીણ જનતાને વચનો આપી ગયા. જ્ઞાતિ-જાતિના વાડા તો પહેલેથી ઊભા કર્યા જ છે. જેના લીધે ભવિષ્યમાં એક સમાજ પહેલેથી બીજા સમાજથી અળગો થઈ જશે. અંગ્રેજોની 'ભાગલા પાડો અને રાજ કરો' નીતિ તેમના ગયા પછી પણ દેખાઈ આવે છે.

# અમે ક્યાં ?

કરણ દેસાઈ

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ ગઈ. પરિણામ આવી ગયું અને મંત્રીમંડળ પણ રચાઈ ગયું, પરંતુ અમને સવાલ થાય છે કે 'આમાં અમે ક્યાં?'

કારણ કે ભાજપ અને કૉંગ્રેસ બંને પક્ષના ઉમેદવારો જીતની હારમાળા પહેરવા માટે જોરદાર પ્રચાર કરતા હતા. પરંતુ જેમ જેમ દિવસો નજીક આવતા ગયા તેમ તેમ પ્રચાર માટેના અને મત વધુ મેળવવા માટેના નવાં નવાં નૂસ્ખા રચાતા ગયા. ચૂંટણીમાં જ્ઞાતિવાદ, સવર્ણવાદ, કટ્ટરવાદનું સ્પષ્ટ ચિત્ર જોઈ શકાતું હતું. જે ચિત્ર મને દેખાતું હતું તે બીજા લોકોને નહીં દેખાતું હોય? મન માનતું ન હતું કે સત્તા અને ખુરશી મેળવવા માટે, સાચવવા માટે લોકો આટલી હદે વિચારે છે! આ લોકોએ જેઓ કોને મત આપવો તે વિશે અસ્પષ્ટ હતા, તેઓને રાત્રે દારૂ-નાસ્તા ને ભોજન તો કરાવ્યા, વળી સાથે સોગંધ પણ ખરા જ. તેની સાથે પોતાનો અંગુઠો પણ એક દિવસ માટે ગીરવે મુકાવી દીધો. (મત આપવાનો અધિકાર, ઓળખપત્ર) કે જેથી તેઓ મત આપવા જાય નહીં. ઓળખકાર્ડ વગર તો મતદાન થાય નહીં.

ચૂંટણી પુરી થઈ. બધું સીલ થઈ ગયું ત્યારે ખબર પડી કે આ તો ખરેખર ખોટું થયું. પરિણામો જાહેર થયાં ત્યારે સવર્ણો ખુશ થયા. જે કદમ સમુદાયના લોકો હતા, જે કદમ સમુદાય માટે કામ કરનાર આવે તેમ ઇચ્છતા હતા, તે લોકોના ચહેરા ઉપર જોઈ શકાતું હતું કે તેમણે ખરેખર ગુમાવ્યું છે.

એ વખતે યાદ આવ્યું કે મતદાનની તાકાત કેટલી હોય છે. ૨૦૦ રૂ. માટે માયાજાળમાં ફસાઈ ગયાં, જુઠા વચનોમાં ભોળવાઈ ગયાં. અને થયું પોતાને ગમતાં કે ન ગમતાં ઉમેદવારને ચૂંટવામાં ખરેખર અમે ક્યાં ?

# માલધારીને તો બારે મહિના સંઘર્ષ

'ખડ ખૂટ્યાં' પુસ્તક વાંચ્યું, ત્યારે ખરેખર માલધારીને વાંઢમાં કેવી - કેવી મુશ્કેલીઓ પડે છે તે જાણવા મળ્યું. અત્યાર સુધી તો ઘણી બધી મુશ્કેલીઓ તેમને પડે છે એવું સાંભળ્યું હતું પણ કેવી-કેવી મુશ્કેલીઓ? તેના વિશે આછો ખ્યાલ હતો. પોતાનો વ્યવસાય સાચવવા માટે થઈને, તેને જીવંત રાખવા માટે થઈને વ્હાલસોયી જન્મભૂમિને મુકીને ૨૫૦થી ૩૦૦ કિ.મી. દૂર પોતાની કર્મભૂમિ બનાવે છે. પોતાના પશુને જીવંત રાખી શકાય તેટલાં પાણી ને ઘાસચારો મળી રહે એવા વિસ્તારમાં રહે છે. ક્યારેક તો પશુ કરતાં પણ બતદર સ્થિતિ પોતાની થાય છે. પીવાનું પાણી પણ મળવું મુશ્કેલ બને છે. મળે છે તો એ પહેલાં ઘણો જ સંઘર્ષ કરવો પડે છે!

**જોગરાણા જીવન**

જ્યાં પોતાનો વ્યવસાય સાચવવા માટે આવી મુશ્કેલી વેઠવી પડે તો પછી તેમના સામાજિક-આર્થિક-શૈક્ષણિક પ્રશ્નોની તો કલ્પના જ કરવી રહી.

વાગડ પંથકના માલધારીઓ ૪થી ૬ મહિને ઘરે આવે. એ જ સમયગાળામાં કુટુંબને મળવાનું, સમાજને મળવાનું, સામાજિક કામ, લગ્નવિધિ... વગેરે પૂરાં કરવાનાં. આ બધાં કામ પછી, વળી પાછું વાંઢ લઈને જવા માટે તૈયાર થઈ જવાનું!

પોતે જ્યાં ઘેટાં, બકરાં, ગાયો (વાંઢ) લઈને જાય ત્યાં તો મુશ્કેલી પડતી જ હોય પણ જ્યારે વતનમાં આવે થોડો હાશકારો અનુભવે ત્યાં વળી પાછું સામાજિક કામ-કાજમાં ગુંથાવાનું અને સામાજિક કામ કરવાનાં હોય ત્યારે પણ મુશ્કેલીઓ આવે.

વતનમાં કાંઈક ઘટના બને તો તેઓ જ્યાં હોય ત્યાં કોઈકના ભરોસે માલ મૂકીને પાછું વતનમાં આવવાનું. સામાજિક કામ પતાવી વળી પાછું વાંઢમાં ભળી જવાનું. તે સમય દરમિયાન વાંઢમાં પશુઓ જેના ભરોસે મુકીને આવ્યા હોય તેનાથી ભૂલથી દેખરેખ સરખી ન રહે અને પશુઓ બીજાની વાડીમાં ખેતરમાં વયા જાય તો ત્યાં પણ પાછા પ્રશ્નો ઉભા થાય. એટલે ત્યાં જલ્દી પહોંચી ભાઈ-બાપા કરી તે પ્રશ્નો ઉકેલવાના !

આવા તો અનેક પ્રશ્નોનો તેમને અને તેમના પરિવારોને સામનો કરવો પડતો હોય છે. આટ-આટલી મુશ્કેલીઓનો સામનો કરતી અને દેશનું અમૂલ્ય એવું પશુધન સાચવતી આ માલધારી કમ્યુનિટી વિકાસ કરતી વખતે આપણને વણદેખાતી લાગે છે, આવું કેમ?

વિકાસ, વિકાસ, વિકાસ... પણ કોનો વિકાસ? કેવો વિકાસ? કહેવાતા ઉચ્ચ વર્ગનો જ વિકાસ(!) કે પછી દરેક વ્યક્તિ સમાજ બધાનો સર્વાંગી વિકાસ થવો જોઈએ.

આવા વિકાસમાં શું માલધારીનો ક્યાંય વિકાસ નહિ?! ભારત દેશ ખેતીપ્રધાન દેશ છે. ૭૧.૨ ટકા લોકો ગામડામાં રહે છે. ૫૮ ટકા લોકો ખેતી કરે છે. આવા ખેતીપ્રધાન દેશમાં ખેતી માટે જીવંત ખાતર તેમજ ખેતી કરવા માટે બળદો પૂરાં પાડે છે. તેમજ માનવ માટે પણ સીધી જરૂરિયાત દેખાય તેવું સંપૂર્ણ આહારમાં ગણી શકાય તેવું અમૂલ્ય દૂધ પૂરું પાડે છે. ભારતમાં ૧૬ ટકા પશુધન રહેલું છે. તેમાં રાષ્ટ્રીય આવકમાં ખેતીનો ફાળો ૧૯ ટકા છે અને પશુપાલનનો ફાળો ૫ ટકા છે. તે ઉપરાંત દેશની જીવન જરૂરિયાત ચીજ વસ્તુ ચામડું, ઉન, ખાતર જરૂરી બળદો. જે વ્યવસાયમાંથી મળી રહે છે, તેવો આ વ્યવસાય છે અને પશુઓનો ઉપયોગ ગણવા બેસીએ તો પાર ન આવે. પશુઓ જન્મે ત્યારથી મરે ત્યાં સુધીમાં પોતે જેટલું ખાય છે, જેટલી ચાકરી લે છે, તેનાથી વધારે વળતર આપતું જાય છે.

**સ્થળાંતર કરીને ગયેલા માલધારીઓ અને મજૂરો જે વિસ્તારમાં રહે છે, ત્યાં મતદાર યાદીમાં તેમનું નામ હોતું નથી. બીજી બાજુ ચૂંટણીકાર્ડની અવેજીરૂપે નક્કી કરેલા ૧૪ પુરાવાઓ એવા છે, જે ગામડાંના લોકો પાસે ભાગ્યે જ હોય.**

પશુને થોડોક પ્રેમ આપો. એ તમને તેનાથી બમણો પ્રેમ અને હુંફ આપશે. તમારા જીવનની એકલતા દૂર કરશે. આ બાબત જેણે અનુભવી હોય તેને જ ખ્યાલ આવે. બાકી તો વાતો જ રહે.

પશુઓનું આટ-આટલું મહત્ત્વ હોવા છતાં આ વ્યવસાય કરતા માલધારીઓ કેમ કોઈને દેખાતા નથી?!

કહેવત છે કે, "આપણે કોઈકને વેત નમીએ તો આપણને કોઈક હાથ નમે" તેવી જ રીતના દેશનું તથા ભવિષ્યનું પશુધન સાચવવા માટે થઈને માલધારીઓ આપણને હાથ જેટલું નમી રહ્યા છે. તો શું આપણને નથી લાગતું કે આપણે વેંત જેટલું નમવું જોઈએ?

(જીવણભાઈ વાગડ વિસ્તારમાં સ્થળાંતરિત કુટુંબોના માલધારી કુટુંબો સાથે કાર્ય કરે છે)

*જ્યાં ચાર જિલ્લાની સરહદો મળે છે તે*

# ખારોપાટને મીઠી ધરતી બનાવે છે પશુઓ

ગુજરાતમાં અલગ-અલગ પ્રદેશોએ તેની પ્રાકૃતિક, જૈવ-વૈવિધ્યના કારણે આગવી ઓળખ જાળવી રાખી છે. આવા પ્રદેશોમાંનો એક તે ખારોપાટ પ્રદેશ.

આ પ્રદેશ કચ્છના નાના રણની પૂર્વ દિશાએ સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાની પશ્ચિમ દિશાએ તેમજ હળવદ અને ધ્રાંગધ્રાની ઉત્તર દિશાએ આવેલો છે. આમ આ ખારાપાટ વિસ્તાર કચ્છ, સુરેન્દ્રનગર, રાજકોટ અને પાટણ એમ ચાર જિલ્લાની સરહદોથી ઘેરાયેલો છે.

**પાટડી ટીમ મારગ**

ખારોપાટ વિસ્તાર નામ પ્રમાણે તો આપણને ખાર(ક્ષાર)વાળો હોય તેવું લાગે, પરંતુ તેની સાથે સાથે આ વિસ્તારની કેટલીક આગવી ઓળખ પણ છે જેમ કે...

(૧) સમગ્ર વિશ્વનું એક માત્ર ઘુડખર (ખચ્ચર) અભ્યારણ

(૨) ઉત્તમ ગુણવત્તાવાળું મીઠુ પકવતો મીઠાઉદ્યોગ

(૩) શ્રેષ્ઠ ગુણવત્તાવાળા મીઠા ઘાસના ચરિયાણવાળા નાના-નાના બેટ વગેરે.

ઉપરોક્ત માહિતીમાંથી કેટલીક માહિતી તો સાંભળેલી કે વાંચેલી પણ મનમાં તો એમ જ કે 'ખારોપાટ' એટલે એમાં બીજું કશું હોય જ નહીં, તેવો વહેમ રહે. પણ એક અભ્યાસ માટે જ્યારે આ વિસ્તારના કાંઠાના ગામોની મુલાકાતે જવાનું થયું ત્યારે આ વિસ્તારનું મનમોહક દૃશ્ય તેના ઘાસના બેટ ઉપર જઈને ઊભા રહ્યા ત્યારે જોયું. આ વિસ્તારનું પશુધન એક મગ્ન થઈને જે રીતે ચરતું હતું કે જાણે અહીં જ ગોકુળ, મથુરા અને વૃંદાવન હોય તેવી પ્રતીતિ થઈ.

અહીં 'ઘુડખર અભ્યારણ' છે એટલે હવે ગીરના સિંહ અભ્યારણની જેમ અહીં ઘુડખરને બચાવવા પ્રયત્નો થઈ રહ્યા છે. તેના કારણે તંત્ર અહીં વધુ સુરક્ષા ઊભી કરવા માગે છે.

અમારી મુલાકાત આ પ્રમાણે ગોઠવાઈ હતી.

(૧) કોઠા વિસ્તારના ગામોના અંદાજિત પશુઓની માહિતી મેળવવી.

(૨) ચરિયાણ તરીકે કેટલા વીડ છે તેના વિશે માહિતી મેળવવી.

(૩) કોઠામાં અને વીડમાં પશુઓને ચરાવવા માલધારીઓની કેટલી આધારિતતા છે તે જાણવું.

(૪) આ વિસ્તારમાં બહારના માલધારીઓ કેટલો સમય આવે છે તે જાણવું.

આ માહિતી મેળવવા ઝિંઝુવાડા, મીઠાઘોડા, ખારાઘોડા, ઓડુ વગેરે વિસ્તારોમાં અમે ફર્યા.

સૌ પ્રથમ તો અમોને અંદાજિત પશુઓની યાદી મળી. જેમાં માત્ર ઝિંઝુવાડા અને ઓડુ ગામના પશુઓ આ પ્રમાણે છે.

| ગામ | ઘેટાં-બકરાં | ગાય | ભેંસ | કુલ |
|---|---|---|---|---|
| ઝિંઝુવાડા | ૧૭૦૦ | ૧૫૦૦ | ૨૦૦૦ | ૫૨૦૦ |
| ઓડુ | ૧૫૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૩૫૦૦ |
| | **૩૨૦૦** | **૨૫૦૦** | **૩૦૦૦** | **૮૭૦૦** |

આ તો માત્ર બે જ ગામના પશુની અંદાજિત માહિતી છે, પરંતુ અહીં આશરે ૨૫થી ૩૦ ગામના પશુઓનું ચરિયાણ ચોમાસાના દિવસો હોય છે. એટલે જો અંદાજ લગાવવા જઈએ તો કેટલા પશુઓ અહીં નભતા હશે!

આ સાથે સૌથી મહત્ત્વનું તો એ છે કે જામનગરની હલારી ભરવાડ, ખંભાત, તારાપુર, ચુંવાળ, ખાખરીયા, વિરમગામ, બાવળા પ્રદેશોમાંથી પણ ચોમાસામાં અહીં પશુ ચરાવવા સ્થળાંતર થાય છે. એકલા ઝિંઝુવાડાના ઝિલકેશ્વર બેટમાં જ ૧૨ ગામના પશુઓને ચરવાનો હક પહેલાના સમયથી છે. એટલે કે એ ઝિંઝુવાડાના બેટમાં જ આશરે ૬ થી ૭ હજાર પશુઓ માત્ર ચોમાસાના ચાર મહિના તો સંપૂર્ણ ચરિયાણ કરતા હતા. ત્યારબાદ સ્થાનિક લોકોનો માલ ત્યાં રહેતો અને બીજા બહાર જતા રહેતા હતા એવું કહેવાય છે.

બીજું કે ચરિયાણમાં જે બેટ કહેવાય, તેમાં

૧. ઝિલકેશ્વર બેટ આશરે ૧૫ x ૮ કિ.મી.નો ઘેરાવો ધરાવે છે.

૨. વાછડા બેટ આશરે ૧૦ x ૧૦ કિમીનો ઘેરાવો ધરાવે છે.

૩. પોંગ બેટ આશરે ૧૨ x ૧૦ કિમીના ક્ષેત્રફળમાં વિસ્તરેલો છે.

આ સિવાય કોડધા, નોંધ, મેડક વગેરે નાના-નાના બેટ આવેલા છે. તદ્ઉપરાંત આ વિસ્તારના ગામોના પશુધન ઉપરાંત સમગ્ર કાંઠા વિસ્તારમાં જે-તે ગામની સરહદે પશુઓ ત્રણ-ત્રણ ગાઉ સુધી અંદર મીઠા ઘાસમાં ચરે તે તો અલગ જ.

આમ એક અંદાજ મુજબ આ અભ્યારણમાં આશરે ૪૦ બાય ૪૦ કિ.મી.ના વિસ્તારમાં ચરિયાણ લાયક મીઠું ઘાસ પથરાયેલું હશે. તેવું માનવું કદાચ અતિશયોક્તિ તો ના જ ગણાય. જેમાં ઘાસચારામાં ઝીંઝવો, ધામણ, બાંપડી, ખારીઘરો, મણચું, ડાભડો, સામો વગેરે પુષ્કળ થાય છે.

આ વિસ્તારમાં ચરિયાણ કરવા માટે માલધારીઓની કેટલી આધારિતતા હશે, તે સંદર્ભે જોઈએ તો સમગ્ર વિસ્તારના આજુબાજુના ગામો ઉપરાંત સ્થળાંતરિત માલધારીઓ ચોમાસાના ત્રણથી ચાર મહિના (અષાઢ, શ્રાવણ, ભાદરવો) તો અહીં સ્થાયી

રહીને જ ચરિયાણ કરતા હોય છે. પછી જે વસૂકી ગયેલ કે નાના પશુ હોય તેને ચરાવતા હોય છે.

ઓડુ ગામના કમાભાઈ ભરવાડ અને ખારાઘોડાના જામભાઈ રબારીનું તો કહેવું છે કે, જો તમે ચોમાસાના મહિનાઓમાં આ વિસ્તારની સરહદોમાં જાઓ તો પાણીની કે જમવાની કોઈ ચિંતા કરવાની જ ન હોય, કારણ કે આ દિવસોમાં ત્યાં આખા વિસ્તારમાં નાના-નાના નેહ (ઝૂંપડા) બાંધીને માલધારીઓ રહેતા હોય છે. ત્યારે આ વિસ્તારની રોનક જ આખી બદલાઈ જાય છે. આમ ખરેખર આ વિસ્તાર માલધારીઓ માટે ખૂબ જ ઉપયોગી છે.

માલધારીઓ તો પોતાના પશુઓને ચરાવે જ છે, પણ હારના વિસ્તારો જેવા કે જામનગર વિસ્તારના હલારી ભરવાડો, રાજકોટ વિસ્તારના માલધારીઓ કચ્છના માલધારીઓ જ્યારે સામખિયાળીથી બે ભાગમાં વહેચાય ત્યારે તેઓમાંથી જે માળિયા બાજુ જાય છે તે હળવદ ટિકરથી તેના કાંઠે-કાંઠે ફરતા છેક ખારાઘોડા સુધી આવે છે અને ત્યાંથી પછી, અમદાવાદ બાજુ જાય છે, જ્યારે આડેસર બાજુથી લોકો વારાહી, સાંતલપુર, સમી સુધીના કાંઠા સુધી આવે છે અને ત્યાંથી પાલનપુર બાજુ તેમજ વાછડા અને ઝિંઝુવાડા સુધી જે આવે છે તે લોકો ચુંવાળ, ખાખરિયા અને પાટણ વાડા પ્રદેશોમાં રહે છે. આમ માલધારીઓ આ વિસ્તારમાં સ્થળાંતર વખતે ઘાસ અને પશુઓના વિયાણ ઉપરથી નક્કી કરીને ૨૦થી ૩૦ દિવસો જેવું તો અહીં વિતાવી જ દે છે.

આ ઉપરાંત ચુવાળ, ભાલ, ખાખરિયા, ટપો, તારાપુર, નળકાંઠો, વઢિયાર વગેરે જગ્યાએથી માલધારી ચોમાસા દરમ્યાન ખારોપાટ વિસ્તારમાં ચરાવવા જાય છે.

આ વિસ્તાર અને માલધારીઓ વચ્ચેનો ઘરાબો છે તેના કેટલાક ઉદાહરણો

- માલધારી (ભરવાડ-રબારી)ઓના મુખ્ય મંદિરોને સ્થાનકો અહીં છે.
- આ વિસ્તારના પોંગ બેટમાં સમસ્ત માલધારીઓએ તળાવ ખોદાવેલું છે, જે અત્યારે પણ છે.
- વર્ષો પહેલાં જ્યારે આ વિસ્તારમાં ગામ નહોતા અને જંગલ હતું ત્યારે અહીં સ્થળાંતર કરીને સૌ પ્રથમ લાંબરિયો ભરવાડ અને સાવધારિયા સાખનો રબારી આવ્યા હતા અને ઝીંઝુવાડાના વિસ્તારમાં રહ્યા હતા તેવું કહેવાય છે.
- ઝિલકેશ્વર બેટમાં અત્યારે પણ વર્ષો જુનો પાણીનો કૂંડ છે.

દિવાળી પહેલા ચારીને ગયા તે માલધારીઓના પશુને રાત્રે રોકવા માટેના વાડા તેમજ છાણના ઢગલા પણ જોવા મળ્યા હતા અને આ બધું જોઈને ખરેખર આ અભ્યારણ માત્ર ઘુડખર માટે નહિ પણ સમગ્ર ગુજરાતના મોટાભાગના માલધારીઓની આજીવિકાનું સ્રોત છે, તેમ કહી શકાય. તેની જમીનની ફળદ્રુપતાનું કારણ માલધારીઓ તેમના પશુના છાણ અહીં પડે છે તેને ગણાવે છે. એક માલધારી બાપાએ કહ્યું કે "અમે માત્ર આ વિસ્તારમાં પશુઓને ચારીને જતા નથી રે'તા, પણ જમીનને કાચા સોના જેવું ખાતર પણ આપતા જઈએ છીએ." ત્યારે ખરેખર આપણને લાગે કે આ કુદરતી વિનિમય પદ્ધતિ જ આ વિસ્તારને ટકાવી રહી છે.

---

- **ગીરના સિંહ અભયારણ્યની જેમ અહીં ઘુડખરને બચાવવા પ્રયત્નો થઈ રહ્યા છે.**
- **એક અંદાજ મુજબ આ અભયારણ્યમાં આશરે ૪૦ X ૪૦ કિ.મી.ના વિસ્તારમાં ચરિયાણલાયક મીઠું ઘાસ પથરાયેલું છે.**
- **સ્થળાંતરિત માલધારીઓ ચોમાસાના ત્રણથી ચાર મહિના તો અહીં સ્થાયી રહીને જ ચરિયાણ કરતા હોય છે.**
- **અહીંની જમીનની ફળદ્રુપતાનું કારણ માલધારીઓના પશુઓના છાણથી જે સોના જેવું ખાતર તૈયાર થાય છે, તે પણ છે.**

---


## આમંત્રણ છે...

ગુજરાતની ધરાતલ પર સક્રિય તેવા કર્મશીલોના મૂલ્યો અને સમજની મજબૂતી સાથે સ્વવિકાસ અને સામાજિક સુરક્ષા સાથેના ભાવિનિર્માણ માટે

**સ્નેહ મિલન**

૨૪ ફેબ્રુઆરી ૨૦૦૮, બેચરાજી

# કુપોષણના બે કોળિયા

કિરીટ કા. પરમાર

જુના ઘરની ઓસરીએ, પેલ્લી કને, ભાએ એના બે હાથ કસકસીને પકડી રાખ્યા'તા. તે હાથ છોડાવવા એડીચોટીનું જોર લગાવી, જોર જોરથી મમ્મી મમ્મી કરતી રોતી'તી. એને મમ્મી પાસે જવું તું. લીમડાની લીલી સોટી સાટ્ સાટ્ કરતી તેના પગની પેડીઓ પર પડી. સૉળ ઊઠી આવ્યા. પણ તે રોતી બંધ ના થઈ, તે ના થઈ. હું તૈયાર થયો.

સંધ્યા વળી ગઈ'તી. સૂરજ ડૂબું ડૂબું થઈ રહ્યો હતો. અંધારું થાય એ પહેલાં અમે ભાઈ-બહેન મોટા મોટા બાવળિયાઓના એક ઝૂંડ નીચેથી સડસડાટ પસાર થઈ ગયાં. તળાવના થૂમડે ઝારનો ભારો ઉપાડી મમ્મીને આવતી જોઈ. ત્યાં ધરતી અને આભ એકબીજાને અડી ગ્યાં'તાં. અમે હરખાયાં.



બીજા દિવસની બપોરે, ખેરાલુના દવાખાનેથી, આંગણાના લીમડા નીચે એક જીપ આવી ઊભી. હું ઘરની બાજુની વાટમાં ઉજળી ઝીણી જેહુમાં પાટા પડે એમ ગાડી બનાવી રમતો'તો. જીપ આવતાંની સાથે હોબાળો વધ્યો. બૈરાં બધાં ઘરમાં છેડાવાળી રોવાં બેઠાં. પણ મેં રમવાનું ચાલું રાખ્યું.

મમ્મી કહેતી'તી ગીતા રાતે ગોળ ખાવા ઉઠી'તી. ગોળ ખાવો છે, ગોળ ખાવો છે એમ કરતી'તી. પછી એ ઊઠી જ નૈ. માતાજીના ઓંણમાં આવી ગઈ. ઑળ ભાગી ગઈ.

મારાથી બે વરસ નાની. ત્યારે હું પહેલા-બીજામાં નિશાળે જતો હોઈશ. મારી સાથે આવવા એ જીદે ચડતી. પણ મને શરમ આવતી. હું સાથે ન લઈ જતો.

પરિવાર સાથે પડાવેલો એક ફોટો છે. એ ફોટામાં એવી રૂપાળી દેખાય છે! એવી જ હતી. ફોટો જોતાં એ સાંભરે. ઘણું યાદ કરું પણ આનાથી વધુ સાંભરતું નથી. એની સાથે જીવેલું આટલું યાદ.

વર્ષો પછી આજે સમજાય છે કે એ કુપોષણનો કોળિયો બનેલી.

પૂનમડી. ગીતાની બહેનપણી. ગોળમટોળ મોઢું. ગીતા પંદર દિવસ નાની, ને પૂનમ પંદર દિવસ મોટી. મેં એને નિશાળમાંથી મળેલા ખાદીના સફેદ શર્ટ અને બ્લ્યુ સ્કર્ટમાં જ જોયેલી. પહેલેથી સોળિયોવાળું ઘર. છ બહેનો અને એક ભાઈ. તેમાં સૌથી નાની પૂનમડી. ગીતાને મરે, મહિને-સવા મહિને થયે. એક દહાડો પૂનમડીના ઘરમાં બધાં બૈરાએ છેડો તાણ્યો'તો. કહેતાં'તા ગીતાબૂન પૂનમડીને પણ લેઈ ગયાં.

કુપોષણનો બીજો કોળિયો.

('ચરખા' ફેલોશિપ)

**(પાન ૧૩નું અનુસંધાન)**

ગંગાને લાવ્યા. ગંગા કહે છે કે પહેલાં બીજે ઠેકાણે હતી ત્યાં ખૂબ ત્રાસ હતો, એટલે અહીં ઘર માંડ્યું. મહેસાણા જિલ્લામાં આવા તો ઢગલો ઘર આદિવાસી કન્યાઓથી મંડાય છે. ઘણી આદિવાસી કન્યાઓ ભાગી છૂટે, પરંતુ દલાલો તેમને બીજે ઠેકાણે વેચી મારે. દલાલ આદિવાસી પણ હોઈ શકે અને ઉજળિયાત પણ. પાલડીના મગાજી ફતાજી ઠાકોરને એના ગામમાં, એની સાથે રહેવા, આદિવાસી કન્યા તૈયાર નહોતી તેથી તેઓ આદિવાસી કન્યાના ગામમાં સેટ થયા.

ખેડબ્રહ્મા-અંબાજી, દક્ષિણ ગુજરાત કે રાજસ્થાન તરફથી આદિવાસી કન્યાઓને વેચાતી લવાઈ છે. આ કન્યાઓ ઘરની વહુ હોવા છતાં બારોટના ચોપડે તેમનું નામ નોંધાતું નથી. વઈવંચાઓ ઇનકાર કરે છે તો પછી આદિવાસી કન્યાઓને પેટ પડેલાં છોકરાંનું શું? જીવતર જાણે ધૂળ-ધાણી અને ઢેખારા. ખુદ મા-બાપ જ છોકરીઓને આ દલદલમાં ધકેલી મેલે છે. જવું તો ક્યાં જવું?

('ચરખા' ફેલોશિપ)

(આ લેખમાં પાત્રોનાં નામ અને ગામનાં નામ બદલ્યાં છે.)

# આદિવાસી કન્યાઓની લે-વેચ

**કિરીટ કા. પરમાર**

'ભઈ, પંદર-સત્તર હજારમાં તો ટૉપ ભોટી મળી રે, ઘેર લાવો, ફૂલહાર કરો, વહુ કરો' શબ્દો છે મહેસાણા જિલ્લાના એક સજ્જનના.

પૈસાની લાલચે કે પછી બે ટંકના રોટલા માટે વલખાં મારતા આદિવાસી કુટુંબોની કન્યાઓનો વેપાર થાય. આ લે-વેચમાં દલાલો કમાય. ખરીદ-વેચાણમાં કહેવાતા મોભાદારો પણ જોડાય. જરૂરિયાતમંદો અને બે પૈસે સુખીજનો ભાવ બોલી કે તોડ કરી કન્યાને લઈ જાય.

મહેસાણા જિલ્લાના લગભગ દરેક ગામમાં પાંચ-છની સંખ્યામાં આદિવાસી કન્યાઓ જોવા મળે. ગામના ચૌધરી, ઠાકોર કે પટેલના ઘરમાં. સમાજની સાક્ષી કે લગ્નની નોંધણી વગર ચૌધરી, ઠાકોર કે પટેલ કન્યાને બાયડી તરીકે રાખે, અને ધારે ત્યારે લાત મારે.

ગરીબ-નિરક્ષર આદિવાસી છોકરીઓને દલાલો દ્વારા કે અરસ-પરસના પરિચયોને કારણે વેચાતી લેવાય. બાર-તેરની ઉંમરે જેની બોલી બોલાઈ હોય, તે છોકરી ચાર-પાંચ ઠેકાણે ભટક્યા પછી એક ઠેકાણે થાળે પડે. ઘર-ગામ અને કબીલાથી દૂર બીજા મલકમાં આ છોકરીઓ કેવી રીતે દહાડા કાઢતી હશે? એ તો એ જ જાણે. એમની બોલી યે આપણને તો અઘરી લાગે.

મંદ્રોપુરના ગગાભાઈ હેમરાજભાઈ ચૌધરીના પત્ની કનકબહેન હયાત છે. તેમને પેટ વસ્તાર નથી. એટલે ગગાભાઈ આદિવાસી કન્યા વેચાતી લાવ્યા. આદિવાસી કન્યાના પેટની એક છોકરી છે તે હાલમાં એક વર્ષની થઈ, પરંતુ હજી ખોળાના ખૂંદનારની ઇચ્છા અધૂરી છે.

ગામના જ જેસંગભાઈ જોયતાભાઈ ચૌધરીએ લગ્ન કરેલાં પણ બૈરું ઘર કરીને રહેતું નહોતું. તેથી આદિવાસી પૂરીને ખરીદી લાવ્યા. ઉંમરે આધેડ થયેલા આ ચૌધરીઓ ગામના આગેવાનો છે.

લોકો જુદા જુદા હેતુઓથી આદિવાસી કન્યાઓ લાવે છે અને વેચે છે. ધાર્યા મુજબ કે કહ્યા પ્રમાણે ન કરે તો ધકેલી મેલે. કો'ક શેર માટી માટે, તો કો'ક બૈરા માટે, તો કોક વળી કામકાજ કરાવવા, તો કોક વળી બધુંય કહ્યું કરાવવા, આદિવાસી કન્યાની ખરીદી કરે. સંતોષકારક રિઝલ્ટ ન મળે તો આ ગ્રાહક-કમ-વેપારીઓ કન્યા સાથે શું નું શું યે કરે?

હડોલના રણમલજી ઠાકોર અંબાજી બાજુના કોટલા-છાપરીથી આદિવાસી કન્યા વેચાતી લાવ્યા. તેમને તેમના સમાજમાં પૈસા આપ્યે ય બૈરું નહોતું મળતું. અમથાજી ઠાકોર અડધી ગયા પછી પણ પિંડવાડા, સ્વરૂપગંજ, રાજસ્થાનથી લખાત ગ્રુપની આદિવાસી

**(અનુસંધાન પાન ૧૨ ઉપર)**

# તમે કેવા ?

**જતીન મકવાણા**

ગુજરાતી ભાષાનો એક પ્રશ્ન... તમે કેવા? ગુજરાતના કોઈપણ ખૂણે જાવ ત્યારે આ પ્રશ્ન સાંભળવા ન મળે તો જ નવાઈ!

ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા યોજાયેલી પદયાત્રા દરમિયાન પણ "તમે કેવા?"નો અનુભવ થયો. ૧ ઓક્ટોબરના રોજ રાણપુર તાલુકાના નાનકડા ગામ ગોધાવટામાં ગયા. ગામની વસતી આશરે ૧૫૦૦ની આસપાસ, ૭૦ ટકા વસ્તી પટેલોની છે. બાકીની વસ્તી ગઢવી, મહારાજ અને દલિતોની છે. સમરસ ગામ... ખૂબ સમૃદ્ધ ગામ... શહેરોમાં ભૌતિક સુવિધાઓ મળે તેવી દરેક પ્રકારની ભૌતિક સુવિધાઓ મોટાભાગના ઘરોમાં જોવા મળે. કૃષિ ક્ષેત્રે કરેલા અદ્‌ભુત કાર્યો બદલ ખરેખર ખેડૂતોને દાદ આપવી પડે. ચેકડેમ અને ખેત-તલાવડીઓનું શ્રેષ્ઠ ઉદાહરણ જોવું હોય તો આ ગામની અચૂક મુલાકાત લેવી જોઈએ.

આ ગામના સરપંચના ઘરે બપોરે અમે જમ્યા. જમ્યા બાદ શાળામાં બાળકોને સ્વચ્છતા અને શિક્ષણ અંગે માહિતી આપી અને બાળકો સાથે રમતો રમી. સાંજે સરપંચ સાથે તેમની વાડીએ ગયા. એક ખેડૂતના ઘરે જમવા જવાનું થયું. જમીને ત્યાં જ સૂવા માટે અમને આમંત્રણ મળ્યું. અમારી સાથે ત્રણ વિદ્યાર્થિનીઓ પણ હતી. તેમને સ્ત્રીઓ જ્યાં સૂતી હતી ત્યાં સૂવા માટે મોકલ્યા. અમે વિદ્યાર્થીઓ અને અધ્યાપક તો ગામના બે-ચાર અગ્રણીઓ સાથે વાતે વળગ્યા હતા. પરંતુ અમારી સાથે આવેલી વિદ્યાર્થિનીઓ મૂંઝવણ અનુભવી રહી હતી. તેમની સાથે કોઈ સ્ત્રી વાતચીત જ નહોતી કરતી. દરેક સ્ત્રી પોતાનું કામ પતાવીને પોતાની રીતે ઘરમાં આંટાફેરા મારતી, પણ આ વિદ્યાર્થીઓને બોલાવતી નહીં કે કોઈ વાતચીત કરતી નહીં. ત્રણ વિદ્યાર્થિનીઓમાંની એક બોલકી વિદ્યાર્થિનીથી રહેવાયું નહીં અને ઘરના વડીલ ડોશીમાને રસોડાની બહાર ઊભા રહી કહ્યું, "બા, લાવો વાસણ ગોઠવવામાં મદદ કરીએ? તરત જ બા બહાર આવ્યા અને પૂછ્યું, "તમે કેવા?"

વિદ્યાર્થિનીઓને આશ્ચર્ય થયું તેમણે જવાબ આપ્યો, "બા, અમે સૌ બ્રાહ્મણ, પટેલ અને વાણિયા છીએ." બા એ કહ્યું, "તયે ઠીક છે, બાકી જેવી તેવી વૈણ હારે તો અમે વાતુંય નો કરીએ."

ખૂબ આદર્શ ગામ... સમૃદ્ધ ગામ...

# ધરતી મારી પાટી ને આંગળી મારી પેન... કહે છે બાલૂબહેન

હેતલ દેસાઈ

આપણા સમાજમાં એક કહેવત છે, “સ્ત્રી બે ઘરને તારે છે” દરેક બાબતમાં સ્ત્રીને ચડિયાતી ગણવામાં આવે છે. તે બાબત સ્ત્રીની સહનશીલતા, સમજશક્તિ બુદ્ધિ કે પછી ગમે તે હોય...

આવી જ એક ચડિયાતી મહિલા, જે ભાવનગર જિલ્લાના નેસવાડ ગામની વતની છે. તેમનું નામ બાલૂબહેન. બાલૂબહેન જોવાથી તો એક સામાન્ય ગ્રામીણ મહિલા હોય તેવા જ લાગે છે. લાલ રંગના ઘેરદાર ઘાઘરો, સોનેરી રંગનું કપડું, લીલા રંગનો સાડલો, નાકમાં મોટી નથણી અને કપાળમાં લાલ કુમકુમનો ચાંદલો. જોતાં તો લાગે કે સામાન્ય અશિક્ષિત ગ્રામીણ મહિલા છે, પણ ઘણા અંગ્રેજી શબ્દો તેઓ બોલી જાણે છે. કદી શાળાનું પગથિયું તેઓ ચડ્યા નથી, પણ તેમના બાળકો પાસેથી ખેતરમાં ભેંસો ચારતા-ચારતા આ શબ્દો શીખ્યા છે. તેઓ મોબાઇલ પણ રાખે છે અને બધાને મોબાઇલ વડે જ ફોન કરે છે, એટલે કે અંગ્રેજી આંકડાઓ પણ ઓળખે છે. તેઓ હંમેશા નવી-નવી વસ્તુઓ શીખવા તત્પર રહે છે.

દરેક કામમાં લગભગ મહિલાઓને હંમેશા પુરુષોની આનાકાની સહન કરવી જ પડે છે. આવી જ આનાકાનીનો ભોગ બાલૂબહેનને પણ બનવું પડ્યું હતું. એક સ્વૈચ્છિક સંસ્થાના કાર્યકરોએ બાલૂબહેનને પોતાના એક મંડળમાં જોડાવા માટે જણાવ્યું. આ આમંત્રણ બાલૂબહેને સ્વીકાર્યું. પરંતુ તેમને ખૂબ જ સહન કરવું પડ્યું, કારણકે આપણા સમાજની માન્યતા પ્રમાણે સ્ત્રી રાત્રે બહાર ના જઈ શકે અને બધાની વચ્ચે ઊભા થઈ કોઈ પ્રશ્નના ઉઠાવી શકે. પણ આવી બાબતનો સામનો બાલૂબહેને કરી બતાવ્યો. રાત્રે મીટિંગમાં જવાની તેમના પતિએ જ્યારે ના પાડી ત્યારે તરત જ બાલૂબહેને પોતાના પતિને સમજાવ્યા. નક્કી થયું કે ઘરનું બધું કામ પૂરું કરીને જવું, અને મોડામાં મોડા ૧૧ વાગે પાછા આવવું. આ શરતો માનીને બાલૂબહેન મીટિંગમાં જવા લાગ્યા. બાલૂબહેને ગામના વિકાસ માટે ઘણાં કામો કરાવ્યાં, જેમ કે પાણી સમિતિ, પાણીની ટાંકી, સ્નાનાઘાટ, ચકલીના સ્ટેન્ડ, અવાડા, પાકા રસ્તાઓ, શોષખાડાઓ બનાવડાવ્યા.

તેઓ પહેલાં કદી ઘરની બહાર નીકળ્યા નહોતા જ્યારે અત્યારે તેઓ કચ્છ, ભૂજ, મુંબઈ, દિલ્હી, અમદાવાદ, અમરેલી વગેરે શહેરો અને તેના ગામોમાં જાય છે અને તાલીમ આપે છે. તેઓ ન્યાયસમિતિ પણ ચલાવે છે. જેમાં ભાવનગરના આજુબાજુના ગામડાની મહિલાઓના ઘરેલુ ઝઘડાઓનું સમાધાન થાય છે. તેઓ કહે છે કે,

**“ધરતી મારી પાટી, આંગળી મારી પેન**
**અને ભગવાન મારો માસ્તર,”**

બાલૂબહેન કોઈપણ અધિકારીઓથી ડરતા નથી. ગામની કે ગામના લોકોની ગમે તેવી મુશ્કેલી હોય તો તે બહાદૂરીપૂર્વક જે-તે તાલુકા, જિલ્લામાં રજૂ કરે છે અને ન્યાય મેળવીને જ જંપે છે. આ તો વાત થઈ એક ગ્રામીણ મહિલાની, જે બિલકુલ શિક્ષિત નથી. છતાં આટલી બધી જવાબદારીઓ નિભાવે છે. નિરક્ષર હોવા છતાં તે સાક્ષર ગણાય છે. બાલૂબહેન કહે છે કે હું મારા ગામની દરેક છોકરી ભણે તેવું ઇચ્છું છું, પરંતુ જેમ મને સમાજના બંધનો નડ્યાં છે, તેમ આ છોકરીઓને પણ નડે છે. આપણો રૂઢિચુસ્ત સમાજ સ્ત્રીઓને પોતાની બંધનરૂપી બેડીઓમાં જકડી રાખે છે. દરેક યુવતી સાનિયા મિર્ઝા, સુનિતા વિલિયમ્સ કે કલ્પના ચાવલા જેવી બનવા ઇચ્છે છે, પરંતુ આ સમાજ તેને ફક્ત ‘બાલૂ’ જ બનાવીને મૂકે છે. આપણો સમાજ પોતાની સમજ બદલીને શિક્ષણનું પ્રમાણ જ્યારે વધારશે ત્યારે આપણી દરેક યુવતી માટે સાનિયા, સુનિતા કે કલ્પના ચાવલા બનવાની તકો ઊભી થશે.

---

“બાળકને નિશાળમાં તો ગમે તે શિક્ષક ગોંધી શકે. પણ દરેક જણ તેને ભણાવી ન શકે. કામમાં હોય કે આરામમાં, જ્યાં સુધી બાળકને એમ ન લાગે કે પોતે સ્વતંત્ર છે ત્યાં સુધી તે આનંદથી કામ નહીં કરે. અપ્રિય લાગતા પાઠો તે ઇચ્છાપૂર્વક ગ્રહણ કરે અને પાઠ્યપુસ્તકોના અરસિક અભ્યાસક્રમમાંથી બહાદુરીભેર અને ઉલ્લાસપૂર્વક પસાર થવાનો ઠરાવ કરે તે પહેલાં, એણે વિજયજન્ય પ્રફુલ્લતા અને વિષાદજન્ય ખેદ અનુભવેલા હોવાં જોઈએ.”

મારાં ગુરુજી અને હું એટલાં નિકટ છીએ કે એમનાથી અલગપણે મારે વિષે વિચાર જ નથી કરી શક્તી. બધી લાવણ્યમય વસ્તુઓમાંનો મારો આનંદ કેટલો મારો પોતાનો નૈસર્ગિક છે અને કેટલો એમને આભારી છે, એ હું કદી કહી શકનાર નથી. મને લાગે છે કે, એમનો અને મારો આત્મા અવિભાજ્ય છે : એમની કેડે કેડે મારો જીવનપંથ છે. જે કાંઈ ઉત્કૃષ્ટ - ઉત્તમ - મારામાં છે તે એમનું છે. મારામાં એકે એવી બુદ્ધિશક્તિ કે આકાંક્ષા કે આનંદ નથી, જે એમના પ્રેમસ્પર્શથી જાગ્રત ન થયાં હોય.

- હેલન કેલર

[‘અપંગની પ્રતિભા’ (હેલન કેલર કૃત આત્મકથા), મૂળ લેખિકા : હેલન કેલર, અનુવાદક : મગનભાઈ પ્રભુદાસ દેસાઈ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, નવેમ્બર, ૧૯૪૭, પૃષ્ઠ : ૪૦]

# સ્પેન ખાતે યોજાયેલા વિશ્વ માલધારી સમાજનું ડેક્લરેશન

ઓક્ટોબર ૨૦૦૭માં સ્પેન ખાતે વિશ્વ માલધારી સમાજના સંમેલનની વિચારગોષ્ઠિ (વધુ વિગત માટે જુઓ - વલોણું, નવેમ્બર, ડિસેમ્બર-૨૦૦૭)ને અંતે ૧૮ મુદ્દાનું ડેક્લરેશન બહાર પાડવામાં આવ્યું હતું. ત્યારબાદ તે સંયુક્ત મહાસંઘ (યુ.એન.)ને પહોંચાડવામાં આવ્યું, જેનો ભાવનુવાદ આ પ્રમાણે છે.

૧. સમસ્યાના ઉકેલ અને ટકાઉ શાંતિ માટે દરેક સ્તરે માલધારીઓની સામાજિક લાક્ષણિક્તા અને માળખાગત વ્યવસ્થાને પ્રોત્સાહન આપવું.

૨. પર્યાવરણીય સમતુલા સાથેનો આર્થિક અને સામાજિક વિકાસ હાંસલ કરવા માટે તેમને જરૂરી સહયોગ પૂરો પાડવો.

૩. રાષ્ટ્રીય સ્તર પર કાયદાના ઘડતર અને નીતિ-નિર્ધારણની પ્રક્રિયામાં માલધારીઓ અને વિચરતી જાતિઓના સમુદાયના પ્રતિનિધિઓની મજબૂત ભાગીદારીની ખાતરી કરવા કાયદાકીય માળખું વિકસાવવું. આ ઉપરાંત, માલધારીઓને રાષ્ટ્રીય, ખંડીય અને આંતર-રાષ્ટ્રીય સ્તરે મજબૂત કરવા. તેઓના અધિકાર તેમજ નીતિ-નિર્ધારણ અંગેના જરૂરી જ્ઞાનની વહેંચણી માટેના કાર્યક્રમો વિકસાવવાં.

૪. જૈવ-વૈવિધ્યના રક્ષણ માટે અને સંરક્ષિત વિસ્તારના વ્યવસ્થાન માટે માલધારીઓ અને અન્ય વિચરતી જાતિઓને સશક્ત કરવી અને તેમના પ્રદેશના પરંપરાગત જ્ઞાનના મહત્ત્વને સ્વીકારવું.

૫. નીતિ-નિર્ધારણની એડવોકસી (વકાલત) માટે માલધારીઓમાં પૂરેપૂરી માહિતી સાથેની સહભાગિતા દરેક સ્તરે ઉભી થાય, તેને પ્રોત્સાહન આપવું.

૬. માલધારીઓના સામુદાયિક સંપદા પરના અધિકારો અને કુદરતી સંસાધનોના પ્રણાલિકાગત ઉપયોગને ધ્યાનમાં લેવા, ભલે તે પછી તે ક્યારેક અથવા મોસમ પ્રમાણેના હોય.

૭. લોકોની સમૂહભાવનાને આદર આપીને ખાનગી કે જાહેર સાહસોની શરૂઆત કરતાં પહેલાં એ સાહસથી તેમના જીવન પર થનારી અસરોને ધ્યાનમાં લઈને તેઓ સમજી શકે તેવી ભાષામાં માહિતીની આપ-લે થવી જરૂરી છે.

૮. પ્રણાલિકાગત સામાજિક માળખાં, તેનું નેતૃત્વ અને પ્રણાલિકાતગત કાયદાઓને ધ્યાનમાં રાખવા અને તેનો આદર કરવો.

૯. માલધારિયત અને સ્થળાંતરનો જુદા પ્રકારની સાંસ્કૃતિક ઓળખના સ્ત્રોત તરીકે આદર કરવો.

૧૦. જરૂરિયાત પ્રમાણેની ફરતી શાળા અને છાત્રાલયો દ્વારા વિચરતી જાતિઓના બાળકોના શિક્ષણને પ્રોત્સાહન આપવું. તેમાં સ્થાનિક કે તળપદી ભાષાના માધ્યમનો ઉપયોગ કરવો અને અભ્યાસક્રમમાં પોતીકી સંસ્કૃતિ તેમજ પરંપરાગત જ્ઞાનનું ગૌરવ જાળવવું.

૧૧. માલધારી અને અન્ય વિચરતી જાતિઓ સુધી ઉચ્ચશિક્ષણ અને યુનિવર્સિટી કાર્યક્રમોની પહોંચ વધારવી, માલધારિયત અને માલધારીઓને લગતા વિષયોનું શિક્ષણ આપવા માટેનાં કાર્યક્રમો વિકસાવવા અને વિચરતી જાતિઓને સુસંગત એક્શન રીસર્ચ (અમલ અને સંશોધના)ને પ્રોત્સાહન આપવું. આ સમુદાયના વિદ્યાર્થીઓની ઉપરોક્ત શૈક્ષણિક કાર્યક્રમો અને સંશોધનોમાં પહોંચની ખાતરી કરવી.

૧૨. વિચરતી જાતિ માટે, ખાસ કરીને સગર્ભા સ્ત્રીઓ અને પાંચ વર્ષથી નીચેના બાળકોને ધ્યાનમાં રાખીને ગામડાંમાં 'મોબાઇલ ક્લિનિક' અને આરોગ્ય-શિક્ષણ સાથે પૂરતી આરોગ્ય સુવિધા પૂરી પાડવી. જાતીય ચેપી રોગો અને એચ.આઇ.વી./એઇડ્સને લઈને લોકોને સ્વૈચ્છિક કાઉન્સેલિંગ અને ટેસ્ટિંગ માટે તૈયાર કરવા.

૧૩. પશુઓનું આરોગ્ય જળવાય અને તેમને જરૂરી સારવાર સમયસર અને યોગ્ય રીતે મળે તેવી વ્યવસ્થા કરવી, ઉપરાંત પશુઓને થતા રોગના ઉકેલ માટે સંશોધનો કરવાં.

૧૪. માલધારીઓને ઝેલવી પડતી કુદરતી આફતો અને પર્યાવરણીય બદલાવોની અસરો ઘટાડવા માટે વ્યૂહાત્મક અને વ્યવસ્થાગત માળખાં વિકસાવવાં.

૧૫. કહેવાતા વિકાસની દોડમાં માલધારીઓ પોતાના પ્રણાલિકાગત સંસાધનો સુધીની પહોંચ ગુમાવે તેવી સ્થિતિમાં તેનું વળતર અને પુનઃ સ્થાપન યોગ્ય રીતે થાય તેવી વ્યવસ્થાઓ વિકસાવવી અને આ વિકાસની નકારાત્મક અસરો તેમના પર્યાવરણ ઉપર ના થાય તેની ખાતરી કરવી.

૧૬. વૈશ્વિકરણ અને બજારીકરણના દોરમાં માલધારીઓ પોતાના ઉત્પાદનોનું વેચાણ કરી શકે, તેવી નીતિ દ્વારા પ્રોત્સાહન આપવું તેમજ તેઓનું ક્ષમતાવર્ધન થાય અને માહિતીમાં પહોંચ તેમજ અંકુશ સર્જાય તે માટે મદદ પૂરી પાડવી.

૧૭. પરંપરાગત રીતે સદીઓથી એક કરતાં વધારે દેશો વચ્ચે પોતાના પશુઓ સાથે સ્થળાંતર કરતા માલધારીઓ સરહદ ઓળંગી શકે તે માટે આંતર-રાષ્ટ્રીય કાયદાઓ અને નીતિઓમાં સુધાર લાવવો અને તેઓની મુક્ત અવર-જવરને પ્રોત્સાહન આપવું.

૧૮. આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠનના મહાઅધિવેશનના ઠરાવ ક્રમાંક - ૧૬૯, કે જેમાં તળપદા અને આદિવાસીઓના સામૂહિક - અધિકારોને ધ્યાનમાં લેવામાં આવ્યા છે, તેને નજર સમક્ષ રાખીને માલધારીઓ અને સ્થળાંતરિત લોકોના સામૂહિક અધિકારોના રક્ષણ ઉપર નકારાત્મક અસર કરતી નીતિઓ અને કાયદાઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે તાત્કાલિક અસરથી ઉલટાવવા.

**- પરંપરાગત, માલધારીઓ અને વિચરતી જાતિઓના વૈશ્વિક સંગઠનની ડ્રાફ્ટ કમિટી વતી લાલજી દેસાઈ**

# S T U D Y - સ્ટડી એટલે લોહીનો વેપાર

**મહેન્દ્ર સોલંકી**

થોડુ ઘણું અંગ્રેજી આવડતું હોવાથી અનેક વાર હું 'સ્ટડી' શબ્દનો પ્રયોગ કરતો, પણ ગયા મહિને પાટણમાં એક બાળ મજૂરના મોઢે નીકળેલા આ શબ્દ એ મને વિચારતો કરી મુક્યો.

હું અને મારા સાથી મિત્ર ભરતભાઈ એક બાળ મજૂર સાથે ચર્ચા કરતા હતા ત્યારે સહજ ભાવે મારા મિત્રએ એ છોકરાને પૂછી લીધું, "તૂં સ્ટડી કરતો નથી?" ત્યારે સામેથી જવાબ મળ્યો : "સાહેબ મેં તો બે વાર સ્ટડી કરી." એનાં જવાબથી મને નવાઈ લાગતા મેં એને પૂછ્યું કે "યાર, તૂં બે ધોરણ જ ભણ્યો, આગળ કેમ ન ભણ્યો? કોઈ તકલીફ હતી?" ત્યારે એણે જે ચોખવટ કરી એ સાંભળી હું દંગ રહી ગયો. તેણે ભોળાભાવે કહ્યું, "સ્ટડી એટલે અભ્યાસ નહીં, લોહી આપવું તે. હું લોહી આપવા ગયો હતો એની વાત કરુ છું. એને સ્ટડી કહેવાય". લોહી આપવાને 'સ્ટડી' કેવી રીતે કહેવાય એ મને ન સમજાયું. એની પાસેથી આ નવી જાતની 'સ્ટડી' વિશે જાણવાની ઇચ્છા થઈ, પણ એ છોકરો ઉતાવળમાં હોઈ એણે મને કાંઈ જણાવ્યું નહીં.

આ નવી જાતની 'સ્ટડી'ની વાત જાણ્યા પછી મને એ બાબતે જાણવાની ઉત્સુક્તા વધી કે, આ 'સ્ટડી' શું છે? કેવી રીતે થાય છે? શા માટે કરવામાં આવે છે? આ અરસામાં નાતાલની રજામાં મારે ઘરે જવાનું થયું. હું અમદાવાદ ઇન્કમટેક્સ બસ-સ્ટોપ પર ઉતર્યો. મારી પાસે સમય ખૂબ હતો. હું બસની રાહ જોતો બસ-સ્ટેન્ડ ઉપર ઉભો હતો. એવામાં મારી નજર એક છોકરા ઉપર પડી. ૧૪ વર્ષનો એ છોકરો એના કપડાં અને સ્વચ્છતાને કારણે અમીર ઘરનો લાગતો હતો. સમય પસાર કરવા માટે એની સાથે વાત કરવાનું વિચાર્યું. "તારે ક્યાં જવાનું છે?" એવા સાદા સવાલથી એની સાથે વાત શરૂ કરી. બે ત્રણ વાર નામ પૂછ્યું, પરંતુ એની ઇચ્છા ન હોઈ એણે નામ ન જણાવ્યું. પણ એના કામ વિશે પૂછતા, એણે જણાવ્યું કે તે એક નાની હોટલમાં વેઇટર તરીકે કામ કરે છે. મારાથી અચાનક બોલાઈ ગયું. "યાર આટલા સરસ કપડાં અને જે રીતે તું તૈયાર થયો છે, એ ઉપરથી તો તૂં હોટલમાં કામ કરતો હોય તેમ નથી લાગતું." તેણે તરત જ જવાબ આપ્યો કે હોટલમાંથી મહિને ૯૦૦ રૂપિયા જ મળે છે આ તો સ્ટડી કરું છું એટલે...

મારા મગજમાં ઝબકારો થયો. 'સ્ટડી' શબ્દથી જાણે વિજળીનો ઝાટકો લાગ્યો હોય તેમ તરત જ મારાથી પૂછાઈ ગયું, સ્ટડી? ક્યાં કરે છે? કઈ સ્કુલમાં? ૧૪ વર્ષના આ બાળ મજૂરે મને મૂર્ખ સાબિત કરવા હસતાં-હસતાં કહ્યું "યાર! સ્ટડી એટલે અભ્યાસ નહીં પણ લોહીનું સેમ્પલ આપવું તે" મને ફરીવાર પ્રશ્ન થયો. આખરે આ સ્ટડી છે શું? બસ આવવાના કોઈ એંધાણ નહોતા અને મારી જિજ્ઞાષા સંતોષવા ત્યાંથી જતા રહેવાની કોઈ ઉતાવળ પણ નહોતી.

મેં એને કહ્યું, યાર મારે પણ સ્ટડી કરવી છે. મને કહેને કે એ શું છે અને કેવી રીતે કરાય છે. ત્યારે એણે મને જણાવ્યું કે આ તો પૈસા કમાવવાનો એકદમ સહેલો રસ્તો છે. બસ, એક વાર લોહી ચેક કરાવવાનું, ત્રણ ગોળી આપે તે ખાવાની, ત્રણ દિવસ ઓફિસ ઉપર જ રહેવાનું, મફત જમવાનું અને જો આપણું લોહીનું સેમ્પલ યોગ્ય હોય તો ૪૫૦૦ રૂપિયા રોકડા મળે. નહીં તો જે ભાડું થતું હોય તે લઈને આવતું રહેવાનું.

એની સાથે આ બાબતે વધારે ચર્ચા કરતા, એણે મને કહ્યું કે હું તો બે ત્રણ વાર સ્ટડી કરી આવ્યો અને આ કપડાં પણ તેમાંથી જ લાવ્યો. હોટલના પગારમાંથી કાંઈ વધતું નથી અને ઘરનાંને પણ આપવા પડે એટલે આ સરળ રસ્તો છે પૈસા કમાવવાનો. આ 'સ્ટડી' વિશેની જાણ એને કેવી રીતે થઈ તે પૂછતા એણે જવાબ આપ્યો કે હોટલમાં એક વ્યક્તિ જમવા આવ્યો હતો. એની પાસે પૈસાની માંગણી કરતા એણે આ રસ્તો બતાવ્યો હતો.

આ સ્ટડીથી શરીર ઉપર અને ભવિષ્યમાં તેની શું અસર થાય છે તે વિશે પૂછતાં એણે કહ્યું, "કાલની કોને ખબર? આજે જલસા કરોને, કાલની વાત થશે કાલે."

'સ્ટડી' વિશે વધારે જણાવતા એણે કહ્યું કે, હજુ મારી ઉંમર વધારે નથી એટલે, નહીં તો હું ૮૦૦૦ રૂપિયાની સ્ટડી પણ કરવા તૈયાર છું અને મુંબઈ જેવા શહેરમાં તો ૨૦,૦૦૦ કરતાં પણ વધારે રૂપિયા મળે છે! 'સ્ટડી' વિશે વધારે જાણવાની ઇચ્છા હતી, પરંતુ બસ આવી જતા એ છોકરો તેમાં બેસી જતો રહ્યો. હું સ્ટેન્ડ ઉપર બેસી વિચારતો રહ્યો.

ત્યારે 'સ્ટડી'નો અર્થ સમજાયો. 'સ્ટડી' એટલે માત્ર અભ્યાસ નહીં, પણ લોહીનો વેપાર પણ ખરો. બાળમજૂર દ્વારા ઘર ચલાવવા અને પોતાના શોખ સંતોષવા જોઇતા પૈસા માટે કરવો પડતો લોહીનો વેપાર !


**બૂક પોસ્ટ**
**પ્રિન્ટેડ મેટર**

**'વલોણું'**

બી-૨, મિલિન્દ પાર્ક,
સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ લૉયલા હોલ સામે,
મેમનગર માર્ગ, અમદાવાદ - ૩૮૦ ૦૫૨
ફોન : (૦૭૯) ૨૭૯૧૨૪૯૨

**પ્રિન્ટર : શિવમ સ્કેનો ઈફેક્ટસ :** ૯૮૨૪૬ ૮૩૭૦૬